# આત્મધર્મ

માસિક : વર્ષ-૭ * અંક-૨ * ઓક્ટોબર, ૨૦૧૨



અરે જીવ ! એકવાર તારા વીર્યબળને સ્વ તરફ ઉલ્લસાવીને તારા દ્રવ્યસ્વભાવની હા તો પાડ ! પુરુષાર્થની તીખી ધારાએ દ્રવ્યસ્વભાવનો અપૂર્વ પક્ષ કર, તેનો ઉલ્લાસ લાવ. દ્રવ્યસ્વભાવનો યથાર્થ નિર્ણય કરે તેને સ્વસંવેદન થયા વગર રહે નહીં. આત્માનું આવું સ્વસંવેદન તે જ ધર્મ છે, તે જ મોક્ષમાર્ગ છે.

*—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

## આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❁ આનંદમયી દૃષ્ટિકા રહના હી જ્ઞાનપ્રકાશમેં રમણ કરના હૈ. ઉસ આત્માનંદકે ભોગસે આકુલતા યા દુઃખકે છિદ્ર વિલા જાતે હૈં. અર્થાત્ આત્માનંદમેં મગન હોનેસે સર્વ સાંસારિક દુઃખ ક્ષય હો જાતે હૈં. વહ આત્માનંદ બડી બલવાન શક્તિ હૈ, ઉસ બલકે સમાન કોઈ બલ નહીં હૈ. જબ આત્માનંદમેં મગ્ન હુઆ જાતા હૈ તબ હી ધ્યાનકી અગ્નિ જલતી હૈ જો કર્મોંકે બંધનોંકો જલા દેતી હૈ. ૧૨૯૮. *(શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૨, પાનું-૧૭)*

❁ શુદ્ધ આત્માના ચિંતનમાં જે મુમુક્ષુજનો તત્પર રહે છે તે ત્રણ લોકમાં પ્રશંસાપાત્ર છે. આત્મચિંતનમાં તલ્લીન મનુષ્ય કદાપિ કાળો હોય, કર્ણહીન હોય, કદ્રુપો હોય અથવા નકટો, ખૂંધો, કર્કશવાણીવાળો, ઠીંગણો, પાંગળો, ઠૂંઠો, નેત્રહીન, મૂંગો, લંગડો, નિર્ધન, અભણ, બહેરો કે કોઢ વગેરે રોગ યુક્ત હોય તોપણ નિર્મળજ્ઞાનવાળા જ્ઞાનીજનો તેના શરીર તરફ ન જોતાં તેના અદ્ભુત અનુપમ આત્મચિંતનરૂપ પુરુષાર્થ તરફ દૃષ્ટિ દેતાં તેને જ પ્રશંસાપાત્ર ગણે છે. બીજો મનુષ્ય સર્વાંગે સુંદર રૂપવાળો, મધુરવાણીવાળો, ઘણા શાસ્ત્રોનો અભ્યાસી, ધનવાન કે નિરોગી હોય છતાં તે જો ચિદ્રૂપ—ચિંતનથી રહિત છે તો તેને કોઈ જ્ઞાની કદી પ્રશંસાપાત્ર ગણતા નથી. ૧૨૯૯. *(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૨, ગાથા-૧૧)*

❁ હે મૂઢ પ્રાણી! અનેક પ્રકારની અસત્ય કળા, ચતુરાઈ, શ્રૃંગાર આદિ ખોટી વિદ્યાઓના કૌતૂહલથી પોતાના આત્માને ઠગ નહિ, પણ તારે કરવા યોગ્ય જે કંઈ હિતકર કાર્ય છે તેને કર. જગતની આ સમસ્ત કળાઓનું જ્ઞાન વિનાશીક છે. શું તું આ વાત નથી જાણતો? ૧૩૦૦. *(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨, શ્લોક-૩)*

❁ જેવી રીતે રત્ન-પરીક્ષક ઠગાવાના ભયથી પરીક્ષા કરીને રત્નને ગ્રહણ કરે છે, તેવી જ રીતે બુદ્ધિમાન જીવો પરીક્ષા કરીને ધર્મને પ્રયત્નથી ગ્રહણ કરે છે.

કુળ—પરંપરાથી ચાલ્યું આવતું દારિદ્ર તથા કુષ્ટ-રોગ આદિની માફક કુળ-પરંપરાથી ચાલ્યો આવતો અધર્મ પણ છોડવો જોઈએ. ૧૩૦૧.

*(શ્રી નરેન્દ્રસેન આચાર્ય, સિદ્ધાંતસારસંગ્રહ, અધ્યાય-૧, ગાથા-૧૬-૨૪)*

❁ પરમ શુદ્ધ સમ્યગ્દર્શન ઉસે કહતે હૈં જહાં નિર્મલ સ્વભાવસે આત્માકો શુદ્ધ ભાવકર્મ, દ્રવ્યકર્મ નોકર્મસે ભિન્ન શ્રદ્ધાનમેં લીયા જાવે તથા સંસારસે રાગ વ દ્વેષ વ મદોકા જહાં ત્યાગ કિયા જાવે. ૧૩૦૨. *(શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક—૭૬)*

વર્ષ-૭
અંક-૨




સંવત
૨૦૬૮
October
A.D. 2012

# શુદ્ધ પરમાત્માના અનુભવનો અભ્યાસ કરવો.

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૪૭)

આ, શ્રી સમયસાર નાટક શાસ્ત્ર છે. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર ચાલે છે. તેમાં ૧૨૪મા પદ્યમાં જ્ઞાની અને અજ્ઞાનીની પરિણતિ બતાવે છે. જ્ઞાની અને અજ્ઞાનીની વર્તમાનદશામાં ફેર છે. અજ્ઞાનીની દશામાં ભૂલ છે અને જ્ઞાનીની દશામાં અભૂલ છે.

**जिन्हकै देहबुद्धि घट अंतर,**
**मुनि-मुद्रा धरि क्रिया प्रवांनहि।**
**ते हिय अंध बंधके करता,**
**परम तत्त्कौ भेद न जानहि।।**
**जिन्हके हिए सुमतिकी कनिका,**
**बाहिज क्रिया भेष परमानहि।**
**ते समकिती मोख मारग मुख,**
**करि प्रस्थान भवस्थिति भानहि।।१२४।।**

અર્થ : જેમના હૃદયમાં શરીર ઉપર અહંબુદ્ધિ છે, તે મુનિનો વેષ ધારણ કરીને બાહ્યચારિત્રને જ સત્ય માને છે. તે હૃદયના આંધળા બંધના કર્તા છે. આત્મપદાર્થનો મર્મ જાણતા નથી અને જે સમ્યગ્દષ્ટિ જીવોના હૃદયમાં સમ્યગ્જ્ઞાનનું કિરણ પ્રકાશિત થયું છે તેઓ બાહ્યક્રિયા અને વેષને ગમન કરીને ભવસ્થિતિને નષ્ટ કરે છે.

जिन्हके देहबुद्धि धट अंतर....જેને દેહમાં આત્મબુદ્ધિ છે તે ભલે બાહ્યથી નગ્ન મુનિદશા ધારેલો હોય તોપણ આત્મા નિર્વિકલ્પ આનંદસ્વરૂપ છે તેનું તેને ભાન નથી. તે

તો દેહની ક્રિયાને જ સાચી ધર્મની ક્રિયા માને છે. વ્રત પાળવા, દયા પાળવી, શરીરની ક્રિયા કરવી એ જ અમારું કર્તવ્ય છે એમ તે માને છે. સ્વસ્વભાવના આશ્રય વગરના તે જીવો હૃદયના આંધળા છે. સ્વાશ્રયદૃષ્ટિ વિનાના તે પરાશ્રિતદૃષ્ટિવાળા અજ્ઞાની હૃદયના અંધ છે.

અંતરમાં આત્મા આનંદસ્વરૂપ સત્ ચિદાનંદપ્રભુ છે તેની અંતરદૃષ્ટિ નહિ, સમકિત નહિ, અનુભવ નહીં અને છ-છ મહિનાના ઉપવાસ કરે, મુનિપણાની ક્રિયા કરે, લૂખૂ ખાય, નગ્ન રહે તેનાથી ધર્મ થાય એમ માનનારા તે જીવો શરીરની અને વિકલ્પની ક્રિયાથી ભિન્ન વસ્તુ સ્વરૂપની દૃષ્ટિથી રહિત અંધજીવો બંધના કર્તા છે. તેને દર્શનમોહનો બંધ થાય છે. પંચમહાવ્રતાદિના રાગને જ ધર્મ માનનારા તે જીવો પરમતત્ત્વના ભેદને જાણતા નથી. હું જ્ઞાનાનંદ સ્વરૂપ વસ્તુ છું એવા અંતરના મર્મને તે જાણતા નથી.

જેના હૃદયમાં શુદ્ધ જ્ઞાનાનંદના કિરણો જાગ્યા છે—જેમ સૂર્યના કિરણો પ્રગટ થાય છે તેમ જેના હૃદયમાં ત્રિકાળ શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાનના કિરણો જાગ્રત થયા છે તે સમકિતી છે. અહો! ભગવાન આત્મા પરમ તત્ત્વ છે. તેની દૃષ્ટિનો અભાવ અને નગ્નપણું તથા પંચમહાવ્રતાદિ ક્રિયાનો ભાવ તે જડપણું છે—દેહબુદ્ધિ છે. जिन्हके हिए सुमतिकी कनिका જાગી કે હું પુણ્ય-પાપના રાગથી રહિત શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદકંદ છું એવી દૃષ્ટિ થઈ, તેને સુમતિની કણિકા જાગ્રત થઈ ગઈ. તેને બાહ્યક્રિયા વેષ પ્રમાણે હો પણ તે કોઈ ચીજ નથી. જેવો વેષ હોય તેવી ક્રિયા હોય પણ તે કોઈ ધર્મ નથી. ધર્મ તો અંદરમાં સુમતિની કણિકા જાગી છે તે ધર્મ છે. ક્રિયાકાંડ એ કાંઈ ધર્મ નથી.

સમકિતીને અંતરમાં જ્ઞાનની કણિકા જાગ્રત થઈ છે તે ધર્મ છે, પછી બાહ્યક્રિયા તો સમકિતીને ગૃહસ્થાશ્રમને યોગ્ય હોય. મુનિને તેમના પદને યોગ્ય બાહ્યક્રિયા હોય, શ્રાવકને તેને યોગ્ય ક્રિયા હોય. ક્રિયા તો વેષ અનુસાર હોય પણ તે કોઈ ધર્મ નથી. શાંતિ તો અંદરમાં જેટલી નિર્વિકલ્પદશા હોય તે અનુસાર હોય પણ બાહ્યક્રિયા ગમે તેવી હોય એમ ન હોય. વેષ પણ ગમે તે જાતનો હોય—એમ ન હોય. ગમે તે જાતિ અને ગમે તે વેષમાં મુનિપણું આવી જાય—એમ નથી. વીતરાગે કહેલો માર્ગ હોય તો તેમાં ભગવાને કહેલો જ જાતિ અને વેષ હોય. ગમે તે વેષ કે જાતિમાં સમ્યગ્દર્શન થઈ શકે છે પણ મુનિપણું ન આવી શકે.

શ્રોતા : એમાં કોઈ અપવાદમાર્ગ ન હોય?

પૂજ્ય ગુરુદેવશ્રી : અંદરમાં મુનિને યોગ્ય શુદ્ધિ પ્રગટ થાય પછી બહારમાં ગમે તે વેષ હોય—એવો અપવાદમાર્ગ ન હોય. જેને અંતરમાં એટલી લીનતા થઈ ગઈ કે વિકલ્પ

જ ન આવે તે મુનિનો ઉત્સર્ગમાર્ગ છે અને જ્યારે અંતરમાં લીનતા ન રહી શકે ત્યારે પંચમહાવ્રતાદિનો વિકલ્પ આવે તે મુનિનો અપવાદમાર્ગ છે. વિકલ્પથી રહિત સ્થિર થવું તે નિર્વિકલ્પ ઉત્સર્ગમાર્ગ છે અને ભૂમિકાને યોગ્ય વિકલ્પ ઊઠે તે અપવાદમાર્ગ છે. બાકી ગમે તે જાતિ અને ગમે તે વેષ અપવાદમાર્ગમાં ન હોય. ક્ષુલ્લકનો વેષ હોય તો તેને યોગ્ય ક્રિયા ન હોય અને મુનિ હોય તો મુનિને યોગ્ય ક્રિયા ન હોય–એવો માર્ગ છે. વીતરાગમાર્ગમાં ગડબડ ન ચાલે. ભગવાને કહેલો માર્ગ હોય ત્યાં ભગવાને કહ્યાં અનુસાર જ જાતિ અને વેષ હોય. બીજી રીતે ન હોય.

શ્રોતા :—મુનિના સ્થવિરકલ્પી અને જિનકલ્પી એવા બે ભેદ છે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—એવા બે ભેદ છે પણ તે બંને મુનિ વસ્ત્રરહિત જ હોય. મુનિપણું વસ્ત્રસહિત હોય જ નહિ. અમારે આ બાબતમાં સંવત ૧૯૮૬મા બહુ ચર્ચા થઈ ગઈ. કોઈ સાધુ અમને મળવા આવ્યા હતા તે અમને માખણ ચોપડવા કહે કે સ્થવિરકલ્પી સાધુ આવા હોય છે એટલે એમ કે તમે સ્થવિરકલ્પી છો. અમે કીધું—એમ નથી, અમે સાધુ નથી. સ્થવિરકલ્પી સાધુ પણ વસ્ત્રસહિત ન હોય. અનાદિથી વીતરાગમાર્ગ તો જેમ છે તેમ જ છે અને તેમ જ હોય. તેમાં ગડબડ ન ચાલે. નિશ્ચય અને વ્યવહાર જેમ ભગવાને કહ્યો છે તેમ જ છે.

અહો! જેના હૃદયમાં સમ્યગ્જ્ઞાનની કણિકા જાગી તેને તો એમ થાય છે કે જેમ સર્વજ્ઞ ભગવાન જ્ઞાતા છે તેમ હું પણ જ્ઞાન-આનંદસ્વરૂપ જ્ઞાતા છું. રાગનું કરવું એ મારી ચીજમાં નથી. આવા ભાનપૂર્વક જેને સંયમ અને ચારિત્રદશા પ્રગટ છે તેને ભગવાને કહ્યા પ્રમાણે જ વેષ હોય છે. બીજો હોતો નથી.

અને તો ૭૮ની સાલથી નાટક–સમયસાર વાંચ્યું છે ત્યારે જે પુસ્તક હતું તેમાં હતું કે કુંદકુંદાચાર્ય મહાવિદેહક્ષેત્રમાં ગયા હતા માટે તેમના વચન પ્રમાણ છે. તેમાં આવ્યું હતું કે સ્થવિરકલ્પી અને જિનકલ્પી મુનિ વસ્ત્રરહિત અને વનવાસી હોય છે. માટે જે એમ કહે છે કે સ્થવિરકલ્પી મુનિ વસ્ત્રસહિત હોય–તે વીતરાગનું વચન નથી.

‘સ્વચૈતન્યપ્રભુ નિર્વિકલ્પ આનંદનું ધામ છે’ એવું જ્યાં ભાન થયું ત્યાં સમ્યગ્દર્શન છે અને આગળ વધીને વસ્તુનો તીવ્ર આશ્રય કરીને, ચારિત્ર પ્રગટ થાય છે તે ભાવલિંગ યથાર્થ છે અને દ્રવ્યલિંગમાં નગ્નપણું અને પંચમહાવ્રતાદિ ૨૮ મૂળગુણનો વિકલ્પ હોય છે. તેનાથી વિરુદ્ધ બીજું કાંઈ ન હોઈ શકે. હીરાને રાખવાની ડબ્બી પણ ઊંચી હોય. તેમ જ્યાં ભાવલિંગ પ્રગટ થયું છે ત્યાં દ્રવ્યલિંગ પણ તેને અનુરૂપ ઊંચું હોય, વસ્ત્રસહિત ન હોય.

અન્યમતીના બાવાનો વેષ હોય અને સાધુપણું આવી જાય એમ ન બને. ગૃહસ્થપણામાં હોય ત્યાં સુધી પણ મુનિપણું આવે જ નહિ. નવ નવ કોટિએ પરિગ્રહ છૂટ્યા વિના મુનિલિંગ બહારમાં કે અંતરમાં કદી આવતું નથી. આ તો ત્રણ કાળ ત્રણ લોકમાં પરમાત્માએ કહેલો પંથ છે. મનથી, વચનથી, કાયાથી અને કૃત, કારિત, અનુમોદનાથી બધો પરિગ્રહ છૂટી જાય ત્યારે મુનિપણું આવે છે. મુનિને વેષમાં કે ક્રિયામાં મારાપણું નથી હોતું પણ વેષ અને ક્રિયા પોતાની ભૂમિકા અનુસાર જ હોય છે. એ રીતે જે મોક્ષમાર્ગ તરફ પ્રસ્થાન કરે છે તે ભવસ્થિતિને નષ્ટ કરી મુક્તિને પામે છે. સંસારનો અંત લાવીને કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે. હવે ૫૧મા કળશમાં શું કહે છે તે ૧૨૫ પદ્યમાં કહે છે.

**आचारज कहैं जिनवचनकौ विसतार,**
**अगम अपार है कहैंगे हम कितनौ।**
**बहुत बोलिवेसौं न मकसद चुप्प भली,**
**बोलिये सुवचन प्रयोजन है जितनौ।।**
**नानारूप जलपसौं नाना विकलप उठैं,**
**तातैं जेतौ कारज कथन भलौ तितनौ।**
**सुद्ध परमातमाकौ अनुभौ अभ्यास कीजै,**
**यहै मोख-पंथ परमारथ है इतनौ।।१२५।।**

અર્થ :—આચાર્યદેવ કહે છે કે જિનવાણીનો વિસ્તાર વિશાળ અને અપરંપાર છે, અમે ક્યાં સુધી કહીશું! વધારે બોલવું યોગ્ય નથી, તેથી હવે મૌન થઈ રહેવું સારું છે. કારણ કે વચન એટલા જ બોલવા જોઈએ જેટલાથી પ્રયોજન સધાય. અનેક પ્રકારનો બકવાદ કરવાથી અનેક વિકલ્પ ઊઠે છે. તેથી તેટલું જ કથન કરવું બરાબર છે જેટલાનું કામ હોય. બસ, શુદ્ધ પરમાત્માના અનુભવનો અભ્યાસ કરો, એ જ મોક્ષમાર્ગ છે અને એટલો જ પરમાર્થ છે.

શું કહે છે જુઓ! કુંદકુંદાચાર્યદેવે તો કહ્યું છે પણ હવે અમૃતચંદ્ર આચાર્ય પણ કહે છે કે બસ થાઓ—બસ થાઓ, હવે વિશેષ કથનની જરૂર નથી. વીતરાગવચનનો વિસ્તાર તો અગમ્ય અને અપાર છે. તેમાંથી અમે કેટલો કહીશું! ક્યાં સુધી કહેશું? બહુ બોલવું અમને ઈષ્ટ નથી. મૌન રહેવું ભલુ છે. શ્રીમદ્જીએ પણ કહ્યું છે ને!

**‘‘નિશ્ચય સર્વે જ્ઞાનીનો, આવી અત્ર સમાય,**
**ધરી મૌનતા એમ કહી, સહજ સમાધિમાંહી.’’**

બધા જ્ઞાનીઓનો મત એક જ છે. પ્રયોજન પ્રમાણ કથન કરીને મૌન થઈ જવા માંગે છે. અનેક પ્રકારનો બકવાદ કરવાથી બહુ વિકલ્પ ઊઠે છે. પરમાર્થે વિકલ્પ છે તે વિકથા જ છે કેમ કે વિકલ્પ છે તે રાગ છે અને રાગ છે તે વિકથા છે. ભલે તે ધર્મકથાનો રાગ હો તોપણ એ બધો વ્યવહાર છે. સૂક્ષ્મ છે ભાઈ! વાણીમાં પરમાર્થધર્મ શું કહેવો! વાણી તો જડ છે અને વિકલ્પ ઊઠે છે તે રાગ છે—વિકાર છે. આવી વસ્તુસ્થિતિ છે.

तातैं जेतौ कारज, कथन भलौ तितनौ। માટે, જેટલું યથાર્થ કાર્ય આવે એટલું જ કહેવું બરાબર છે; તો શું કહેવું? કે सुद्ध परमातमाकौ अनुभौ अभ्यास कीजै। આ વાત છે લો! ૧૧ અંગ અને ૧૪ પૂર્વનો વિસ્તાર કર્યો છે તેમાં આ કરવાનું કહ્યું છે કે "શુદ્ધ પરમાત્મા—પોતાનું નિજાનંદ સ્વરૂપ—કારણ પરમાત્મા—કારણ જીવસ્વભાવી જ્ઞાયકભાવનો અનુભવનો અભ્યાસ કરવો. આત્મા વિકલ્પ રહિત છે તેનો અનુભવ કરવો એ કાર્ય છે. ૧૨ અંગનો સાર આ છે—શુદ્ધ પરમાત્માના અનુભવનો અભ્યાસ કરવો.

यहै मोख-पंथ परमारथ है इतनौ। વિકલ્પ આદિ ભૂમિકાના પ્રમાણમાં હોય પણ અનુભવ તો આત્માનો કરવો—એ પરમાર્થ છે. પ્રથમ આત્માનો અનુભવ કરવો એ જ સમ્યક્ દર્શનની ઉત્પત્તિનું કારણ છે અને સમ્યક્ ચારિત્ર પ્રગટ કરવામાં પણ પોતાના સ્વરૂપનો જ વિશેષ આશ્રય કરવો તે ચારિત્રનો ઉપાય છે અને આશ્રયની પૂર્ણતાનું નામ જ કેવળજ્ઞાન છે. આમ, અનુભવ જ મોક્ષો પંથ છે, કોઈ નિમિત્ત કે વ્યવહાર મોક્ષનો પંથ નથી.

પરમારથ એટલે પરમ પદાર્થ—ભગવાન આત્મા. મહાવ્રતાદિના વિકલ્પ છે તે તો આસ્રવભાવ છે અને નગ્નલિંગ એ અજીવતત્ત્વ છે. એ ભલે હો પણ સારભૂત તો નિજાત્માનો આશ્રય કરીને તેનો અનુભવ કરવો એ સાર છે.

અનુભવ નથી ત્યાં સુધી શું કરવું? કે તેનો પ્રયત્ન કરવો, સ્વભાવ સન્મુખતાનો વારંવાર પ્રયત્ન કરવો એ જ અનુભવનું કારણ છે. હવે ૫૨ મા કળશ ઉપર ૧૨૬મુ પદ્ય આ પ્રમાણે છે. તેમાં પણ ૫૧મા પદ્યનો જ વિશેષ ખુલાસો છે.

**शुद्धातम अनुभौ क्रिया, सुद्ध ग्यान द्रिग दौर।**
**मुक्ति-पंथ साधन यहै, वागजाल सब और॥१२६॥**

અર્થ : શુદ્ધ આત્માનો અનુભવ કરવો તે જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, બાકી બધો વચનનો આડંબર છે.

પોતાના પૂર્ણ સ્વરૂપનું—ધ્રુવ ચૈતન્યનું ધ્યાન કરવું, તેનું અનુસરણ કરવું, તે રૂપ થવું

એ જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે કેમકે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કાંઈ આત્માથી ભિન્ન નથી, એ તો પોતાની જ અભિન્ન પર્યાય છે.

નિશ્ચયની વાત લોકોને બહુ કઠણ પડે છે એટલે છોડી દ્યે છે, વ્યવહાર સહેલો પડે એટલે તેનો વિસ્તાર કરે. વિદ્વત્ પરિષદ થઈ હતી તેમાં પં. કૈલાશચંદજી અધ્યક્ષ હતા, તેમણે આ જ કહ્યું હતું કે નિશ્ચયની વાત અમે છોડી દઈએ છીએ, વ્યવહારની વાતનો વિસ્તાર કરીએ છીએ. જ્યારે અહીં તો એક નિશ્ચયની જ વાત છે. નિશ્ચયની દૃષ્ટિએ વ્યવહાર તો અસત્યાર્થ છે માટે તેનો બહુ વિસ્તાર કરતાં નથી. વ્યવહારે વ્યવહાર સાચો છે.

આત્માના આનંદસ્વરૂપનો અનુભવ એ જ દર્શન, અનુભવ એ જ જ્ઞાન અને અનુભવ એ જ ચારિત્ર છે. માટે અનુભવ કરવો એ જ કરવાનું છે. શાસ્ત્રનું વિશેષ જ્ઞાન હો કે ન હો તેની સાથે સંબંધ નથી. દેડકા જેવા પશુને નવ તત્ત્વના નામ પણ ન આવડતા હોય પણ આત્મા આનંદસ્વરૂપ છે તેનો અનુભવ કરી લે છે તો તેણે બધો સાર લઈ લીધો.

मुक्तिपंथ નું સાધન પણ આ અનુભવને કહ્યું. વ્યવહાર સાધનનું નામ પણ અહીં લીધું નથી. પંચાસ્તિકાયમાં નિશ્ચય સાધ્ય અને વ્યવહાર સાધન કહ્યું છે તે નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું છે. ગુણસ્થાન પ્રમાણે રાગની મંદતા આદિ હોય છે પણ રાગ કાંઈ સાધન નથી. અંતરમુખ દૃષ્ટિ કરીને અનુભવ કરવો એ જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, બીજો કોઈ ઉપાય નથી.

સંપ્રદાયમાં હતા ત્યારે એક પ્રશ્ન થયો હતો કે બીજાને જેને સમજાવતાં આવડે તે ઊંચો કે પોતે સમજે એ ઊંચો? લોકોને તો સરસ ભાષામાં સમજાવે તે માણસ ઠીક પડે પણ પોતે સમજે તેને લાભ છે.

''અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ,
અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષ સ્વરૂપ.''

આમાં વ્યવહાર ક્યાંય ન આવ્યો. લોકોને આ આકરું પડે. એકાંત નિશ્ચયાભાસ જેવું લાગે પણ મહાપ્રભુનો અંતરમાં ભેટો કરવો અને તેમાં લીનતા કરવી તેમાં વચ્ચે કાંઈ આવતું નથી.

સંવત ૧૯૫૭ની સાલમાં એક સાધુને જોયા હતા. એને તત્ત્વમાં કાંઈ ઊંડાણ ન હતું. પણ કાંઈપણ પૂછો તો કહેશે—'ભગવાન દેખ રહા હૈ.' બીજી લાંબી વાત જ ન કરે, તેમ અહીં કહે છે કે આત્મા દેખ રહા હૈ. રાગ આવે તોપણ દેખી રહ્યો છે, દ્વેષ આવે તોપણ દેખી રહ્યો છે અને શરીરની ક્રિયાને પણ આત્મા દેખી રહ્યો છે. આવા આત્માનો અનુભવ કરવો તે મોક્ષનું સાધન છે.

હવે, ૫૩મા કળશ ઉપરના પદ્યમાં શુદ્ધાત્માનું સ્વરૂપ કહે છે. જો અનુભવને જ મોક્ષનો માર્ગ કહ્યો તો અનુભવયોગ્ય શુદ્ધાત્મા કેવો છે? તે કહે છે. ભગવાન આત્મા તો જગતની ચક્ષુ છે. ત્રણ કાળ ત્રણ લોકને જાણવાવાળો છે.

**जगत चक्षु आनंदमय, ग्यान चेतनाभास।**
**निरविकलप सासुत सुथिर, कीजै अनुभो तास॥१२७॥**

**अचल अखंडित ग्यानमय, पूरन वीत ममत्व।**
**ग्यान गम्य बाधा रहित, सो है आतम तत्त्व॥१२८॥**

આત્મપદાર્થ જગતના સર્વ પદાર્થોને દેખવા માટે નેત્ર છે; જેમ સર્વજ્ઞભગવાન પોતાને જાણતાં સર્વને જાણે-દેખે છે તેમાં બીજી ચીજનું જ્ઞાન પોતાના સામર્થ્યને કારણે આવી જાય છે, તેમ ભગવાન આત્મા જગતચક્ષુ છે તેથી ત્રણ કાળ ત્રણ લોકને પોતાના સામર્થ્યથી જાણનાર છે. જેમ ચક્ષુ પદાર્થને દેખે જ છે, કરતી નથી, તેમ આત્મા જાણે-દેખે છે, કરતો નથી.

**आनंदमय**...જેનો અનુભવ કરવો છે તે જ ચીજ આનંદમય છે. અપરંપાર....અપરંપાર આનંદવાળો એમ નહિ—આનંદમય છે, તેને આનંદ ક્યાંથી લાવવાનો નથી, ભરપૂર ભરેલો છે.

**ग्यान चेतनाभास** આત્મા જ્ઞાનપ્રકાશથી પ્રકાશિત છે; આત્મા વિકલ્પ વિનાની નિર્વિકલ્પ વસ્તુ છે. સંકલ્પ અને વિકલ્પ બંનેથી રહિત છે. વળી સ્વયંસિદ્ધ છે—શાશ્વત છે-ધ્રુવ છે વળી સ્થિર છે. આવા શાશ્વત આત્માનો અનુભવ કરો.

**अचल** આત્મા કદી ચળતો નથી, આત્મા અખંડિત છે. દ્રવ્ય તો અખંડ છે તેમાં પર્યાયના ખંડ પણ દ્રવ્યમાં નથી. આત્મા જ્ઞાનનો પિંડ છે—જ્ઞાનમય છે. એકલો જાણન સ્વભાવમય છે. તેમાં કોઈ રાગાદિ નથી. આવી ચીજનો અનુભવ કરવો તે મોક્ષમાર્ગ છે.

''પૂરન'' આત્મા સુખ આદિ અનંતગુણોથી પરિપૂર્ણ છે. બીજી ચીજને જોઈને તેને ઓહોહો થઈ જાય છે કે આ કરોડ રૂપિયાનો હીરો! તેની ચમક તો જુઓ!! એ ચૈતન્યહીરો—જ્ઞાનથી ચમકતો હીરો છે. તે પોતાના સુખ આદિ અનંતગુણોથી પરિપૂર્ણ છે પણ રાગથી અને મમતાથી તે રહિત છે. વીતમમત્વ—મમત્વથી રહિત વીતરાગ છે. પરના મમત્ત્વથી રહિત જ એ વસ્તુ છે.

**ग्यानगम्य** અર્થાત્ આત્મા સ્વસંવેદ્ય છે. પોતાના જ્ઞાનમાં ગમ્ય થાય તેવો છે. જ્ઞાનથી જ્ઞાન જાણવામાં આવે છે. રાગથી જણાય એવી એ ચીજ જ નથી.

(જુઓ અનુસંધાન પેઈજ નંબર ૧૭ ઉપર)

**વૈભવશાળી ભગવાન આત્માના લક્ષે પ્રગટ થતો**

# આત્મવૈભવ

## પ્રકાશ શક્તિ

स्वयंप्रकाशमानविशदस्वसंवित्तिमयी प्रकाशशक्तिः।

આ જ્ઞાનસ્વરૂપ આત્મામાં એક પ્રકાશ શક્તિ છે; આ શક્તિના બળથી આત્મા પરની સહાય વગર–રાગ વગર પોતે પોતાને સ્પષ્ટ પ્રકાશે છે ને સ્વાનુભવ કરે છે. આ શક્તિનો અચિંત્ય મહિમા છે.

જ્યારે જે શક્તિ આવે છે ત્યારે તેનાં ગાણાં ગવાય, બાકી તો દરેક શક્તિ આખા આત્માને પ્રસિદ્ધ કરનારી છે; દરેક શક્તિ પોતાના પૂર્ણ સામર્થ્યથી ભરેલી છે ને વિકારના અભાવરૂપ છે. એક શક્તિને જુદી પાડીને તેનો આશ્રય કરી શકાય નહિ. શક્તિ અને શક્તિમાન જુદા નથી, ગુણ અને ગુણી જુદા નથી એટલે દ્રવ્યની શક્તિનું કે ગુણનું સ્વરૂપ ઓળખતાં અનંત ધર્મસંપન્ન આખું દ્રવ્ય ઓળખાઈ જાય છે ને તેની પ્રતીત વડે સમ્યગ્દર્શન થાય છે. એમાં ક્યાંય વચ્ચે રાગનું કે નિમિત્તનું અવલંબન નથી. તેના અવલંબન વગર આત્મા પોતે જ પોતાને સ્પષ્ટ એટલે કે પ્રત્યક્ષ પ્રકાશે છે એવો તેનો પ્રકાશ સ્વભાવ છે.

આમાં બે વાત આવી–એક તો સ્વાનુભવમાં આત્મા પોતાને સ્પષ્ટ પ્રકાશે છે અને તે સ્વભાવ સ્વયં પ્રકાશવાન છે, તેમાં આત્મા સિવાય બીજા કોઈનો હાથ નથી. આવા સ્વસંવેદનની તાકાતવાળો આત્મા છે.

કોઈ કહે કે આત્મા ન જણાય?

તો અહીં કહે છે કે ભાઈ, આત્મા પોતે પોતાને સ્વાનુભવમાં પ્રત્યક્ષ જણાય એવો તો એનો સ્વભાવ છે અને તેમાં કોઈ બીજાની જરૂર ન પડે એવો સ્વયં પ્રકાશમાન સ્વભાવ છે. દીવો પોતે જ પ્રકાશી રહ્યો છે કે હું દીવો છું, દીવાને દેખવા માટે બીજા દીવાની જરૂર નથી પડતી, તેમ આ આત્મા ચૈતન્યપ્રકાશી દીવો પોતે જ પોતાને સ્વસંવેદનમાં પ્રકાશી રહ્યો છે, જ્ઞાન પોતે જ પોતાને પ્રકાશી રહ્યું છે કે હું જ્ઞાન છું—આ રીતે આત્મા સ્વયં પ્રકાશમાન છે, એને પ્રકાશવા માટે કોઈ બીજા જ્ઞાનની જરૂર નથી પડતી. રાગની કે ઇન્દ્રિયોની તો વાત જ ક્યાં રહી? તે તો અંધકારરૂપ છે, ચૈતનપ્રકાશમાં તેનો અભાવ છે.

કોઈ કહે કે આત્મા પોતે પોતાને ન જાણે. અરે ભાઈ! તો તે આત્મા સ્વયં પ્રકાશમાન ન રહ્યો! અહીં તો ભગવાન કહે છે કે આત્મા સ્વયં પ્રકાશમાન છે અને પોતાને પણ જ્ઞાનને અંતર્મુખ કરીને સ્પષ્ટ સ્વસંવેદન થાય છે કે મારો આત્મા મારા વેદનમાં આવ્યો. આત્મા ઉપયોગસ્વરૂપ છે, તેના ઉપયોગમાં ઉપયોગ જ છે ને ઉપયોગમાં રાગાદિ નથી—એમ ધર્મી જીવ ભેદજ્ઞાન વડે પોતે પોતાને સ્પષ્ટ અનુભવે છે. હા, એટલું ખરું કે રાગ વડે અથવા ઈન્દ્રિયો તરફના જ્ઞાન વડે આત્મા કદી અનુભવમાં આવી શકે નહિ; પણ રાગથી ને ઈન્દ્રિયોથી પાર એવા અંતર્મુખ ઉપયોગ વડે તો આત્મા પોતે પોતાને સાક્ષાત્ અનુભવે છે ને એ અનુભવમાં પરમ આનંદ થાય છે. આવો સાક્ષાત્ અનુભવ કરવો તે પ્રકાશ શક્તિનું કાર્ય છે.

રાગાદિ કે આસ્રવોમાં એવી તાકાત નથી કે પોતે પોતાને પ્રકાશે; જ્ઞાનમાં જ એવી તાકાત છે કે પોતે પોતાને પ્રકાશે. રાગને ખબર નથી કે હું રાગ છું, એને પ્રકાશનારું તો જ્ઞાન છે, જ્ઞાનને ખબર છે કે હું જ્ઞાન છું ને આ રાગ છે; એમ સ્વ-પર બંનેને પ્રકાશનારું જ્ઞાન જ છે.

શ્રીગુરુના ઉપદેશથી આત્માનું સ્વરૂપ સમજીને જે રત્નત્રયરૂપ પરિણમ્યો ને ‘આત્મારામ’ થયો તેને પોતાના સ્વરૂપનું સંચેતન કેવું હોય તે બતાવતાં ૩૮મી ગાથામાં કહે છે કે હું ચિન્માત્રજ્યોતિ આત્મા ખરેખર આત્મપ્રત્યક્ષ છું, મારા આત્માના સ્વસંવેદનથી હું મને અનુભવું છું. ચોથા ગુણસ્થાને સમ્યગ્દષ્ટિને પણ એવું સ્વસંવેદન થયું છે. અહા, આ સ્વસંવેદનનો અપાર મહિમા છે, બધા ગુણોનો રસ સ્વસંવેદનમાં સમાય છે; સ્વસંવેદન વડે મોક્ષના દ્વાર ખુલી જાય છે. શરૂઆતના મંગલાચરણમાં જ ‘स्वानुभूत्या चकासते’ એમ કહીને શુદ્ધ આત્મા સ્વાનુભૂતિ વડે પ્રકાશે છે એટલે અનુભવમાં આવે છે—એમ બતાવ્યું હતું. અહીં પ્રકાશ શક્તિમાં પણ એ જ કહે છે કે આત્મા સ્વયં પ્રકાશમાન છે. આત્માનું સ્વસંવેદન—સ્વાનુભવ તેમાં બીજા કોઈનું અવલંબન નથી, તે સ્વયં પોતાની મેળે જ પોતાને પ્રકાશે છે.

અહા, આત્માનો પ્રકાશ સ્વભાવ તો એકદમ સ્પષ્ટ સ્વસંવેદનરૂપ કાર્ય બતાવે છે; એમાં જરાય પરોક્ષપણું રહે એવો આત્માનો સ્વભાવ નથી. જ્ઞાનસ્વરૂપ આત્મા પોતે પોતાને કે પરને જાણે તેમાં તેને રાગનું, નિમિત્તનું કે બીજા કોઈનું અવલંબન લેવું પડે એવો તેનો સ્વભાવ નથી. કોઈના અવલંબન વગર સ્પષ્ટ—પ્રત્યક્ષપણે પ્રકાશે એવો પ્રકાશ સ્વભાવ છે. પોતે પોતાથી સ્વયં પ્રકાશનારો છે. પોતાની સ્વાનુભૂતિથી જ પોતે પોતાને પ્રકાશી રહ્યો છે, તેમાં બીજા કોઈનું અવલંબન નથી.

આવું સ્વયંપ્રકાશીપણું એ આત્માનો વૈભવ છે, આત્માની એ સાચી સંપદા છે.

શરૂઆતમાં આચાર્ય ભગવાને (પાંચમી ગાથામાં) કહ્યું હતું કે સુંદર આનંદની છાપવાળું જે પ્રચુર સ્વસંવેદન, તેના વડે મારો આત્મવૈભવ પ્રગટ થયો છે અને મારા સમસ્ત આત્મવૈભવ વડે હું આ સમયસારમાં એકત્વ-વિભક્ત શુદ્ધાત્મા દેખાડું છું, તમે તમારા સ્વાનુભવ–પ્રત્યક્ષ વડે તે પ્રમાણ કરજો. જુઓ, સાધકના શ્રુતજ્ઞાનમાં પણ આત્માને સ્વાનુભવ–પ્રત્યક્ષ કરવાની તાકાત છે. સ્વયં પ્રકાશમાન અને સ્પષ્ટ એવું આત્માનું સ્વસંવેદન શ્રુતજ્ઞાન વડે થઈ શકે છે ને એવું સ્વસંવેદન કરે ત્યારે જ સાચું આત્મજ્ઞાન થાય છે ને ત્યારે જ ધર્મ થાય છે. એ સ્વસંવેદનમાં અતીન્દ્રિય આનંદ ઝરે છે, અનંતગુણની નિર્મળતા તેમાં પરિણમે છે.

આત્માને કેમ જાણવો તેની આ વાત છે. અહા, તું પોતે કેવો ને કેવડો? તે જાણ્યા વિના તને તારો મહિમા ક્યાંથી આવશે? મહિમા આવ્યા વગર સ્વસન્મુખતા ક્યાંથી થશે? ને સ્વસન્મુખતા વગર સમ્યગ્દર્શન ક્યાંથી થશે? સમ્યગ્દર્શન વગર સુખનો રાહ ક્યાંથી આવશે? માટે હે ભાઈ! તારું જેવું સ્વરૂપ છે તેવું લક્ષમાં લઈને તેનો મહિમા કર. સ્વનો મહિમા જાગતા પરનો મહિમા ઊડી જશે એટલે સ્વ-પરનું ભેદજ્ઞાન થઈને સ્વસન્મુખતા થશે; સ્વ સન્મુખ સ્વસંવેદનમાં તારો આત્મા સ્વયં પ્રકાશમાન થશે એટલે કે આનંદ સહિત અનુભવમાં આવશે. સમ્યગ્દર્શનાદિ પ્રગટ કરવાની ને સુખી થવાની આ રીત છે. સુખના રાહ અંદરમાં સમાય છે, બહારમાં કાંઈ નથી.

જેમ બિલ્લી લોટનજડી નામની વનસ્પતિની આસપાસ ઘૂમ્યા કરે છે, તેમ મોહથી આત્મા નિજવૈભવને ભૂલીને પરદ્રવ્યમાં ઉપયોગને ભમાવ્યા કરે છે, જાણે કે આમાંથી મને સુખ મળશે! પણ અંદર પોતે પોતાના આત્મવૈભવને જોતો નથી–કે જેમાં પરમ સુખ ભર્યું છે. ભાઈ! અંદર નજર તો કર, તું તો શાશ્વત આનંદનો નિધાન છો; કેવળીપ્રભુની વાણી પણ જેનો મહિમા ગાય, સુધાનો જે અમૃતસાગર, એવો તું; અરે! તારા સુખના દરિયાને ભૂલીને પુણ્ય-પાપના કીચડમાં તું અટકી ગયો? રાગને જ પોતાનું સ્વરૂપ માનીને એનાથી તેં લાભ માન્યો પણ અનંત-ગુણસ્વરૂપ તારા નિજવૈભવને તેં ન જાણ્યો. તારું નિજસ્વરૂપ અનંતગુણનો રસકંદ, જે મનના શુભ વિકલ્પથીયે પાર, તેના ઉપર લક્ષ કર તો તેનો કોઈ અપૂર્વ આનંદ તને તારાથી અનુભવાશે.

પોતે પોતાને જાણવામાં આત્મા સ્વતંત્ર છે, તેમાં કોઈ બીજાનું જરાય અવલંબન નથી. સ્વયં પ્રકાશે ને સ્પષ્ટ પ્રકાશે એટલે બીજાનું અવલંબન લ્યે નહિ ને અસ્પષ્ટતા રહે નહિ–એવા સ્વસંવેદનરૂપ આત્મા છે.

સ્પષ્ટજ્ઞાન વડે આત્મા જણાય છે એટલે કોઈ એકલા પરોક્ષજ્ઞાન વડે આત્માને જાણવા માંગે તો તે જાણવામાં આવે નહિ, બીજી રીતે કહીએ તો વ્યવહારના અવલંબને

આત્મા જણાય નહિ. સ્વપ્રકાશથી આત્મા પ્રકાશમાન થાય છે એટલે કે અનુભવમાં આવે છે.

આત્મા પોતે પોતાને પ્રત્યક્ષ ન થઈ શકે—એમ કોઈ માને તો તે વાત સાચી નથી. જ્ઞાનમાં એવી તાકાત છે કે સ્વસંવેદનથી આત્માને પ્રત્યક્ષ કરે.

શ્રોતા :—શું મતિ-શ્રુતજ્ઞાનમાં આત્માને પ્રત્યક્ષ કરવાની તાકાત છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—હા, સ્વસંવેદન વડે આત્માને પ્રત્યક્ષ કરવાની મતિ-શ્રુતજ્ઞાનમાં પણ તાકાત છે.

આત્માને પ્રત્યક્ષ કરે એવી તાકાત રાગમાં નથી પણ જ્ઞાનમાં એવી તાકાત છે. પોતાના જ્ઞાનમાં પોતાની વસ્તુ ગુપ્ત કેમ રહી શકે? આત્માનો અનુભવ કરવા માટે પહેલાં તે તરફ ઢળીને તેનો નિર્ણય કરવો જોઈએ કે સ્વસંવેદન—પ્રત્યક્ષ થવાનો મારો સ્વભાવ છે; રાગ વડે અનુભવમાં આવી શકે—એવો મારો સ્વભાવ નથી. આમ દ્રઢ નિર્ણય કરતાં રાગ તરફનો ઝુકાવ છૂટી જાય ને જ્ઞાનસ્વભાવ તરફ ઝુકાવ થાય; આ રીતે વચ્ચેથી રાગના પડદાને તોડીને આત્મા સ્વાનુભવ કરે છે. સ્વાનુભવમાં જે આત્મા આવ્યો તેની શક્તિઓનું એટલે કે તેના વૈભવનું આ વર્ણન છે.

નિજસ્વરૂપના વૈભવને અનાદિકાળથી જીવે નિહાળ્યો ન હતો; અશુભ ને શુભ વચ્ચે જ ગુંલાટ ખાધા કરી પણ તેનાથી પાર ત્રીજી વસ્તુને કદી વેદી નહિ. તે વસ્તુ અહીં સંતો બતાવે છે. આત્માનો આનંદ પુણ્ય-પાપ વગરનો છે, તેમાં રાગ-દ્વેષ નથી; આવા આનંદસ્વરૂપ આત્માને સ્વસંવેદનથી જ અનુભવી શકાય છે.

આત્મામાં પોતામાં જે મહા કિંમતી ગુણ છે તેની અજ્ઞાનીને ખબર નથી ને પરની કિંમત કરે છે. બાપુ! તારા અનંત ગુણના મહિમાની શી વાત! જેને પોતાના આનંદના અનુભવ માટે ખોરાકની જરૂર નહિ, શરીરની જરૂર નહિ, હવાની કે પાણીની જરૂર નહિ ને વિકલ્પનીયે જરૂર નહિ, પોતે પોતાથી જ પોતાને પ્રત્યક્ષ અનુભવે ને આનંદને પામે—એવી તાકાતવાળો આત્મા છે. અન્ન કે પાણી, મન કે વાણી એ કોઈની જેમાં જરૂર નહીં એવું સ્વાધીનસુખ આત્મામાં છે.

આત્માની પ્રકાશ શક્તિ સ્વસંવેદનમયી છે, તેના બે વિશેષણ આપ્યાં—એક તો સ્વયં પ્રકાશમાન અને બીજું વિશદ એટલે કે સ્પષ્ટ;—આવા સ્વસંવેદનવાળી પ્રકાશ શક્તિ છે. જ્યાં સમ્યગ્દર્શન થયું ત્યાં આવી પ્રકાશશક્તિ નિર્મળપણે ખીલવા માંડી એટલે કે પ્રત્યક્ષ અને રાગ વગરનું એવું સ્વસંવેદન થયું. આવા સ્વસંવેદન વગર સમ્યગ્દર્શન થયું કહેવાય નહીં.

અરે, સંસારમાં લક્ષ્મી માટે જીવો કેટલા દગા–પ્રપંચ ને રાગ-દ્વેષ કરે છે! તેમાં જીવન ગુમાવે છે ને પાપ બાંધે છે. ભાઈ! તારા સ્વઘરની ચૈતન્યલક્ષ્મી મહાન છે, તેની સંભાળ કરને! તેમાં ક્યાંય દગા–પ્રપંચ નથી, રાગ-દ્વેષ નથી, કોઈની જરૂર નથી, છતાં તે મહા આનંદરૂપ છે. બહારની લક્ષ્મી મળે તોપણ તેમાં સુખ મળતું નથી; આ ચૈતન્યલક્ષ્મી પોતે મહા આનંદરૂપ છે ને સ્વયં પ્રકાશમાન છે. આવો અપાર વૈભવ તારામાં ભર્યો છે તેને તો લક્ષમાં લે. તેમાં ક્યાંય એક વિકલ્પનોય બોજો નથી.

દુનિયાના વૈભવ કરતાં આ વૈભવ જુદી જાતનો છે. આત્મા સ્વશક્તિના વૈભવથી પૂરો છે, એને કોઈ બહારના સાધનની જરૂર નથી. રંક હો કે રાજા, સ્વર્ગમાં કે નરકમાં, ક્યાંય આત્માને પોતાની શાંતિ માટે બહારના આધારની કે બહારના સાધનની જરૂર નથી; અન્ય પદાર્થની અપેક્ષા વગર જ પોતે પોતાનું પ્રત્યક્ષ સંવેદન કરીને પોતાની શાંતિને અનુભવે છે. તે અનુભવને માટે જેમ બહારનું સાધન નથી તેમ બહારની પ્રતિકૂળતા તેમાં નડતી નથી. આવા અનુભવમાં પોતે પોતાને પ્રત્યક્ષ કરે છે–એવો આત્માનો સ્વભાવ છે. સ્વાનુભવમાં પરોક્ષપણું રહે એવો સ્વભાવ નથી. સમ્યગ્દર્શન થાય ત્યાં (ચોથા અવિરત ગુણસ્થાને પણ) આત્મા સ્વસંવેદનમાં પ્રત્યક્ષ થઈ જાય છે. વાહ! પ્રત્યક્ષપણાનો સ્વભાવ છે, પરોક્ષપણું રહે એવો આત્માનો સ્વભાવ નથી. પરોક્ષપણાને પણ જે પોતાનો સ્વભાવ ન માને તે રાગને પોતાનો સ્વભાવ કેમ માને? ને જડને પોતાનું કેમ માને?–ન જ માને; એટલે આ શક્તિના નિર્ણયમાં નિશ્ચયનો આદર ને વ્યવહારનો નિષેધ આવી જ ગયો.

ભાઈ, આવા આત્માના અનુભવનો કાળ તે તારો સુકાળ છે–સ્વકાળ છે, સ્વસમય છે ને તે જ તારો સ્વભાવ છે. અરે, આવા અનુભવ માટેના પ્રયત્નમાં ને તેની ચર્ચામાં જે સમય વીતે તે પણ સફળ છે. આવો ઉત્તમ અવસર પામીને આ જ કરવા જેવું છે. ભવ તો એમ ને એમ ચાલ્યો જ જાય છે, તેમાં આ કરી લેવા જેવું છે. પરોક્ષપણામાં સમાઈ જાય એવો આત્મા નથી. પ્રત્યક્ષપણામાં જ તે આવે તેવો છે. પ્રત્યક્ષપણું કહ્યું એટલે તેમાં કોઈ આવરણ ન રહ્યું; આવરણવાળો ભાવ તે આત્માનો સ્વભાવ નથી. પ્રકાશ શક્તિને લીધે આત્મા એવા સ્પષ્ટ સંવેદનવાળો છે કે તે સ્વસંવેદનમાં ગુપ્ત ન રહી શકે. ધર્મીના સ્વસંવેદનમાં તે સ્પષ્ટપણે પ્રકાશમાન થાય છે. એકલા પરોક્ષપણાથી કોઈ તેને જાણી લ્યે એવો આત્મા નથી.

અનંત શક્તિસમ્પન્ન ભગવાન આત્મા કર્મના આવરણથી અવરાયો નથી; તેના સ્વભાવને કોઈ આવરણ નથી તેમજ તેનું સ્વસંવેદન પ્રગટ્યું તેમાં પણ કોઈ આવરણ નથી. આવા આત્માને સ્વસંવેદનથી પ્રતીતમાં લેવો–તે સુખનો માર્ગ છે. ગગન જેવા નિરાલંબી

આત્મામાં સ્વસંવેદન વડે આનંદના ઝરણા ઝરે છે. ચૈતન્યના આ આનંદપ્રવાહમાં વચ્ચે રાગાદિ મલિનતા નથી. ચૈતન્ય-અમૃતમાં વિકારરૂપી ઝેરનો સ્વાદ કેમ હોય? આવું શુદ્ધસ્વરૂપ ઉપદેશનારા વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્ર તે પૂજ્ય છે, વિનય યોગ્ય છે; પણ તેથી કરીને તેમના તરફના શુભરાગ વડે ભગવાન આત્મા પ્રસિદ્ધ થઈ જાય કે સ્વસંવેદનમાં આવી જાય–એવું વસ્તુસ્વરૂપ નથી. રાગની મર્યાદા રાગ જેટલી છે, તેના વડે શુદ્ધ આત્માનું સ્વસંવેદન થઈ જાય—એવી એની મર્યાદા નથી. શુદ્ધ આત્માનું સ્વસંવેદન તો રાગના ને મનના આધાર વગરનું છે. પ્રકાશ શક્તિના આધારે તે કાર્ય થાય છે, બીજું કોઈ સાધન તેમાં નથી.

ચૈતન્યમૂર્તિ આત્મા નિરાલંબી છે, તે સ્વશક્તિને જ અવલંબનારો છે ને પરને અવલંબનારો નથી. પ્રકાશ શક્તિરૂપ નિજગુણનું કાર્ય તો એ છે કે રાગ વગર સીધું જ્ઞાન પોતે આત્માને વેદે; તે વેદનમાં અનંત ગુણોના સ્વાદનું પ્રત્યક્ષવેદન સમાય છે ને અનંત આનંદ પ્રગટે છે. હજી તો આવા ભગવાન આત્માને શ્રદ્ધામાં પણ ન લ્યે, અરે! પ્રેમથી તેનું શ્રવણ પણ ન કરે તેને તેનું પ્રત્યક્ષ સંવેદન તો ક્યાંથી પ્રગટે? સ્વભાવ જેવો છે તેવો પ્રતીતમાં લ્યે તો તેનું સંવેદન પ્રગટે.

અહા, ભરતચક્રવર્તી જેવા મહાપુરુષો ભગવાન પાસે જઈને નમ્રતાપૂર્વક આત્માના સ્વસંવેદનની રીત પૂછતાં, ને તે ઝીલીને પોતાના અંતરમાં તેનું સ્વસંવેદન કરતા હતા. તેની આ વાત છે. આ કાળે પણ આત્માનું સ્વસંવેદન થઈ શકે છે. આવું સંવેદન કેમ થાય એટલે કે સમ્યગ્દર્શન કેમ થાય તેની આ વાત છે. જ્ઞાનને અંતર્મુખ કરીને આત્માનું પ્રત્યક્ષ વેદન કરતાં સમ્યગ્દર્શન પ્રગટે છે, એના સિવાય બીજા ઉપાયથી સમ્યગ્દર્શન થતું નથી. આવા સત્ આત્માનો મહિમા આવે, તેની પ્રતીત થાય ને તેનું વેદન થાય તે અપૂર્વ છે, તે મંગળ છે, તે ધર્મ છે ને તે મોક્ષનો માર્ગ છે. ચોથા ગુણસ્થાનથી જ અંશે પ્રત્યક્ષ સ્વાનુભવ થઈ જાય છે ને નિઃશંક પ્રતીત થાય છે કે મારો આત્મા સંપૂર્ણ પ્રત્યક્ષ સ્વસંવેદન સ્વભાવવાળો જ છે, જરાપણ પરોક્ષપણું રહે તે મારો સ્વભાવ નહીં. આવી પ્રતીત વડે ધર્મી જીવે અનંત ધર્મવાળા પોતાના શુદ્ધ આત્મામાં અવિચલ દ્રષ્ટિ સ્થાપી છે.

આ આત્મા ચૈતન્યહીરો વજ્ર જેવો છે, પરભાવનો એક કણ પણ તેમાં પ્રવેશી શકે નહિ. અહા, આવો ચૈતન્યહીરો મહાદુર્લભ છે, ક્યારેક કોઈક વિરલાને તે પ્રાપ્ત થાય છે. આવા ચૈતન્યહીરાની કિંમત સમજે તો જગતના પદાર્થોનો મહિમા છૂટી જાય ને તે નિજતત્ત્વના મહિમાપૂર્વક અંતર્મુખ થઈને સ્વાનુભવ કરે એટલે સમ્યગ્દર્શનાદિ થાય. સમ્યગ્દર્શનની સાથે બધા ગુણોમાં અંશે શુદ્ધતા થાય છે, તેથી ‘સર્વગુણાંશ તે સમ્યક્ત્વ’ એમ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે.

આત્માના બધા ગુણો એકીસાથે પરિણમી રહ્યા છે એટલે એક ગુણમાં શુદ્ધતા થતાં બધા ગુણોમાં શુદ્ધતાનો અંશ શરૂ થઈ જાય છે. આત્માના અનંતગુણોનું પરિણમન એકસાથે છે પણ કથનમાં તે એકસાથે છે આવી શકતા નથી; કથન ક્રમે ક્રમે થાય છે અને તે કથનમાં પણ અમુક જ ગુણો આવી શકે છે, બધા ગુણો આવી શકતા નથી કેમકે શબ્દો મર્યાદિત છે ને ગુણો અમર્યાદિત અનંત છે. ૩૩ સાગરોપમના અસંખ્યાતા વર્ષો સુધી સર્વાર્થસિદ્ધિના બધા દેવો આત્મગુણોનું કથન કરે તોપણ અનંતમા ભાગના ગુણોનું જ કથન થઈ શકે છે; અનંત ગુણોનું વર્ણન શબ્દોથી પૂરું થઈ શકે નહીં, અનુભવમાં પૂરું આવે. અનંત શક્તિસંપન્ન આત્મા વચનનો કે વિકલ્પનો વિષય નથી, એ તો અંતર્મુખ જ્ઞાનનો વિષય છે.

શક્તિ એટલે વસ્તુનો સ્વભાવ અથવા ગુણ અથવા ધર્મ; એકેક આત્મામાં જ્ઞાનાદિ અનંતગુણો છે; ગુણોનો પૂંજ એટલે કે સર્વગુણનો એકરસ પીંડલો તે આત્મા છે; સંખ્યાથી ને સામર્થ્યથી બંને રીતે અમાપ શક્તિનો સમુદ્ર આત્મા છે. વિકલ્પમાં ભિન્નભિન્ન અનંત શક્તિઓ ન આવી શકે, અભેદ અનુભવમાં બધી શક્તિઓ એકીસાથે આવી જાય. આ જ્ઞાન, આ સુખ, આ પ્રભુતા, આ પ્રકાશ શક્તિ—એમ ભેદ પાડીને અનંત શક્તિને જાણવા માંગે તો છદ્મસ્થ જાણી ન શકે કેમકે એક શક્તિને વિચારમાં લેતાં અસંખ્ય સમય લાગે ને અનંત શક્તિને વિચારમાં લઈને જાણતાં અનંતકાળ લાગે! પણ સાધકદશાનો કાળ અનંત હોતો નથી, સાધકદશા અસંખ્યસમયની જ હોય છે. માટે ભેદસન્મુખ રહીને અનંત શક્તિનું જ્ઞાન થઈ શકતું નથી પણ અભેદસ્વભાવની સન્મુખ થઈને જ અનંત શક્તિવાળા આત્માનું જ્ઞાન થઈ શકે છે. કેવળી ભગવાન અનંત આત્મશક્તિને એકસાથે ભિન્નભિન્ન સ્વરૂપે પણ જાણી રહ્યા છે. છદ્મસ્થનું જ્ઞાન ભિન્ન પાડીને અનંત શક્તિઓને ન જાણી શકે પણ અભેદ-અનુભવમાં જે અખંડ આત્મા આવ્યો તેમાં બધી શક્તિઓ ભેગી જ છે; સ્વાનુભવમાં બધો આત્મવૈભવ સમાય છે. આ રીતે અનંતશક્તિસંપન્ન આત્મા સ્વાનુભવનો વિષય છે, વિકલ્પનો વિષય નથી.

આવો સ્વાનુભવગમ્ય ભગવાન આત્મા સ્વસંવેદનમાં જ્ઞાનીને અત્યંત સ્પષ્ટપણે સ્વયં પ્રકાશે છે, એવી તેની પ્રકાશશક્તિ છે. પ્રકાશશક્તિનું સાચું કાર્ય ક્યારે પ્રગટે? કે અંતર્મુખ થઈને સ્વસંવેદન કરે ત્યારે તે સ્વાનુભવમાં આત્મા સ્વયં પ્રકાશમાન થાય તે પ્રકાશ શક્તિનું સાચું કાર્ય છે.

ભાઈ, તારો સ્વભાવ અચિંત્ય છે, તારો આત્મવૈભવ અનંત સામર્થ્યવાળો છે. ક્ષેત્ર મોટું હોય માટે જાજા ગુણ ને ક્ષેત્ર નાનું માટે ઓછા ગુણ—એમ નથી. મોટો આકાર હો કે નાનો આકાર હો, દરેક આત્મામાં પ્રદેશો ને ગુણો સરખા છે, ઓછા-વધારે નથી. તે ગુણોનું

આ વર્ણન છે. આત્માને 'જ્ઞાનમાત્ર' કહેતાં તેનામાં એકલું જ્ઞાન નથી પણ જ્ઞાન સાથે અનંતા ગુણો છે, તે બતાવીને અનંત શક્તિવાળા આત્માની દૃષ્ટિ કરાવવી છે.

શ્રુતપર્યાયે અંતરમાં જ્યાં ચૈતન્યસ્વભાવને ધ્યેય બનાવ્યો ત્યાં તેનું પ્રત્યક્ષ સ્વસંવેદન થયું, સ્વાનુભવમાં આત્મા સ્વયં પ્રકાશમાનપણે પ્રગટ થયો. શ્રુતપર્યાયમાં આખો આત્મા અનંત ગુણસહિત પ્રત્યક્ષ થઈને સ્વસંવેદનમાં આવ્યો સ્વાનુભવ વખતે આત્મા પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં તન્મય થઈને પોતે પોતાને સ્પષ્ટપણે વેદે છે, તે વેદનમાં રાગનો અભાવ છે. આવું વેદન કરે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. આવા સમ્યગ્દર્શન પછી જ્ઞાનની વિશેષ સ્પષ્ટતા ને ચારિત્રની વિશેષ સ્થિરતા પ્રગટે.

પ્રકાશ શક્તિને લીધે આત્મામાં એવો સ્વભાવ છે કે પોતે પોતાના સ્વસંવેદનથી જ પ્રત્યક્ષ થાય. અરૂપી અતીન્દ્રિય આત્મા રાગાદિના અભાવરૂપે સ્વસંવેદનમાં સ્પષ્ટ પ્રકાશે છે. સ્વસંવેદનમાં ચોથા ગુણસ્થાને પણ આવું પ્રત્યક્ષપણું છે; એના વગર પ્રતીત સાચી થાય નહિ. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરતાં આવું સ્વસંવેદન પ્રગટે છે ને સમ્યગ્દર્શન થાય છે. સ્વસંવેદનમાં પ્રત્યક્ષ થવાનો આત્માનો સ્વભાવ ત્રિકાળ છે પણ તે પ્રગટે ક્યારે? કે એવા સ્વભાવસન્મુખ દૃષ્ટિ કરે ત્યારે.

અરે, આવા આત્મસ્વરૂપના વિચારમાં–મનનમાં જ્ઞાનને રોકે તો અનુભવનો માર્ગ મળે ને જન્મ-મરણનો ફેરો મટે. માંડ આવો દુર્લભ અવસર મળ્યો તેમાં જો આ ન સમજે તો ક્યાંય આરો આવે તેમ નથી. તારી આત્મવસ્તુ એવી છે કે એના ઉપર નજર કરતાં જ ન્યાલ કરી દ્યે ભાઈ! દૃષ્ટિ કરવાલાયક આત્મા કેવો છે–કે જેના ઉપર દૃષ્ટિ મૂકતાં સમ્યગ્દર્શનરૂપી બીજ ઊગે ને કેવળજ્ઞાન થાય!–તો કહે છે કે સ્વસંવેદનમાં પ્રત્યક્ષ થવાનો જેનો સ્વભાવ છે એવા આત્માને દૃષ્ટિમાં લે. એને દૃષ્ટિમાં લેતાં જ આનંદસહિત સ્વસંવેદન થશે. સમ્યગ્દર્શન થાય ને આનંદસહિત આત્મા પ્રત્યક્ષ ન થાય—એમ બને નહીં. જેને આનંદનો અનુભવ નથી તેને સમ્યગ્દર્શન થયું જ નથી. સાચી શ્રદ્ધા છે ને આનંદ નથી અથવા જ્ઞાન છે ને આનંદ નથી—એમ કોઈ કહે તો તેણે અનંત ગુણના પિંડને પ્રતીતમાં લીધો જ નથી; આત્મામાં જ્ઞાન-શ્રદ્ધા-આનંદ વગેરે સર્વ ગુણોનું પરિણમન એક સાથે છે. 'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ'—જોકે સમ્યક્ત્વ તો શ્રદ્ધાગુણની પર્યાય છે, પણ તે શ્રદ્ધાની સાથે આનંદ છે, જ્ઞાન છે, પ્રત્યક્ષપણું છે, પ્રભુતા છે—એમ સર્વે ગુણો ભેગા પરિણમે છે; જ્ઞાન અને આનંદને સર્વથા જુદા માને અથવા શ્રદ્ધા અને આનંદને સર્વથા જુદા માને તેને અખંડ આત્માનો અનુભવ જ નથી, અનેકાન્તની તેને ખબર નથી. (ક્રમશઃ)

❋ ❋ ❋

# આગમ-અધ્યાત્મનું સ્વરૂપ

(પંડિત શ્રી બનારસીદાસજી કૃત પરમાર્થ વચનિકા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

**“વસ્તુનો જે સ્વભાવ તેને આગમ કહીએ છીએ, આત્માનો જે અધિકાર તેને અધ્યાત્મ કહીએ છીએ; આગમ તથા અધ્યાત્મસ્વરૂપ ભાવ આત્મદ્રવ્યના જાણવા. તે બંને ભાવ સંસાર-અવસ્થા વિષે ત્રિકાલવર્તી માનવા.”**

વસ્તુનો સ્વભાવ કહેતાં અહીં ત્રિકાળી સ્વભાવ ન સમજવો પણ પર્યાયનો ભાવ સમજવો; સંસારી જીવને પર્યાયમાં વિકારની પરંપરા અનાદિથી ચાલી આવે છે તથા તેના નિમિત્તરૂપ કર્મની પરંપરા પણ અનાદિથી ચાલી આવે છે તેને અહીં ‘આગમપદ્ધત્તિ’ કહે છે. આ આગમપદ્ધત્તિ અશુદ્ધ છે એટલે તેમાં આત્માનો અધિકાર ન કહ્યો; અધ્યાત્મપદ્ધત્તિ શુદ્ધ પર્યાયરૂપ છે એટલે તેમાં આત્માનો અધિકાર કહ્યો. આગમરૂપ અશુદ્ધભાવ અને અધ્યાત્મરૂપ શુદ્ધભાવ—એ બંને ભાવવાળા જીવો સંસાર-અવસ્થામાં સદાય હોય જ છે એટલે સંસાર-અવસ્થામાં એ બંને ભાવોને ત્રિકાલવર્તી કહ્યા. સંસારમાં સાધક અને બાધક જીવો સદાય વર્તે જ છે; સંસારમાં કોઈ વાર એકલી અશુદ્ધ પર્યાયવાળા જીવો જ રહી જાય ને શુદ્ધ પર્યાયવાળા કોઈ જીવ ન હોય એમ કદી બનતું નથી, તેમ જ બધા જીવો શુદ્ધ પર્યાયવાળા થઈ જાય ને અશુદ્ધ પર્યાયવાળા કોઈ જીવ ન રહે–એમ પણ કદી બનતું નથી એટલે અશુદ્ધભાવરૂપ આગમપદ્ધત્તિ અને શુદ્ધભાવરૂપ અધ્યાત્મપદ્ધત્તિએ બંને ભાવો સંસારમાં ત્રણે કાળે વર્તે છે. આ વાત સંસારમાં રહેલા ભિન્નભિન્ન જીવોની અપેક્ષાએ સમજવી એટલે કે કોઈ જીવો શુદ્ધ પર્યાયવાળા હોય, કોઈ જીવો અશુદ્ધ પર્યાયવાળા હોય, કોઈ મિશ્રપર્યાયવાળા હોય,—એ રીતે બંને ભાવો ત્રિકાલવર્તી માનવા પણ એક જ જીવમાં એ ભાવો સદાય રહ્યા કરે એમ ન સમજવું. નહિતર તો અશુદ્ધતા ટળીને શુદ્ધતા કદી થઈ જ ન શકે. અથવા શુદ્ધ પર્યાય પણ અનાદિની ઠરે, પણ એમ નથી.

એક જીવ વ્યક્તિગત રીતે પોતાની પર્યાયમાંથી અશુદ્ધતા ટાળીને શુદ્ધતા પ્રગટ કરી શકે છે પણ જગતમાંથી અશુદ્ધ ભાવોનો સર્વથા અભાવ થઈ જાય–એમ કદી બનવાનું નથી. જગતમાં તો બધા ભાવવાળા જીવો સદાય રહેવાના છે. જગતમાં સિદ્ધ પણ અનાદિથી થતાં આવે છે ને નિગોદ પણ અનાદિથી છે, મિથ્યાદ્રષ્ટિ પણ અનાદિથી છે ને સમ્યગ્દ્રષ્ટિ પણ અનાદિથી છે, અજ્ઞાની પણ છે ને કેવળજ્ઞાની પણ છે; એમ

બધા પ્રકારના જીવો જગતમાં સદાય રહેવાના છે. કોઈ જીવ આખા જગતમાંથી અજ્ઞાનનો ને અશુદ્ધતાનો અભાવ કરવા માગે તો તેમ ન કરી શકે પણ પોતે પોતાના આત્મામાંથી અજ્ઞાન અને અશુદ્ધતા મટાડીને કેવળજ્ઞાન અને સિદ્ધપદ પ્રગટ કરી શકે.

જેટલા શુભાશુભ વ્યવહારભાવો છે તે બધાય આગમપદ્ધતિમાં છે; આગમપદ્ધતિ તે બંધપદ્ધતિ છે અથવા કર્મપદ્ધતિ છે, તેમાં ધર્મ નથી. ધર્મ તો અધ્યાત્મપદ્ધતિમાં છે; અધ્યાત્મ-પદ્ધતિ તે મોક્ષમાર્ગરૂપ છે; તે શુદ્ધભાવરૂપ છે. આ શુદ્ધભાવરૂપ અધ્યાત્મ-પદ્ધતિમાં આત્માનો અધિકાર કહ્યો પણ આગમપદ્ધત્તિમાં આત્માનો અધિકાર ન કહ્યો કેમ કે તે આત્માના સ્વભાવરૂપ નથી પણ વિભાવરૂપ છે.

અહીં 'આગમપદ્ધતિ' કહી તેમાં 'આગમ'નો અર્થ સિદ્ધાન્તરૂપ શાસ્ત્ર ન સમજવો પણ આગમપદ્ધતિ એટલે અનાદિથી ચાલી આવેલી પરંપરા અથવા આગમ એટલે આગંતૂક ભાવો. વિકારી ભાવો છે તે નવા આંગતૂક છે, તે સ્વભાવમાં નથી પણ કર્મનિમિત્તે પર્યાયમાં નવા નવા ઉત્પન્ન થયેલા છે ને અનાદિથી તેનો પ્રવાહ ચાલ્યો આવે છે. વિકાર અને તેના નિમિત્તરૂપ કર્મ એ બંનેનો પ્રવાહ અનાદિથી ચાલ્યો આવે છે તેનું નામ આગમપદ્ધતિ છે ને જીવમાં જે નવી અપૂર્વ અધ્યાત્મદશા એટલે કે શુદ્ધપર્યાય પ્રગટે તે અધ્યાત્મપદ્ધતિ છે. આ બંને પ્રકારના ભાવો જગતમાં સદાય વર્તતા જ હોય છે. એ બંનેનું હવે વિવેચન કરે છે. *(ક્રમશઃ)* ❑❋❑

---

(શુદ્ધ પરમાત્મા..... અનુસંધાન પેઈજ નંબર ૭ થી ચાલુ)

बाधारहित આત્મામાં કોઈ વિઘ્ન—બાધા નથી. વખાણવા જેવો તો એક આત્મા છે. પૂર્ણજ્ઞાનનો પિંડ, જ્ઞાનગમ્ય એવો આત્મા જ અનુભવ કરવાયોગ્ય છે.

सो है आतम तत्त्व સર્વજ્ઞ ભગવાને આત્માનું આવું સ્વરૂપ કહ્યું છે. આવા આત્માની દૃષ્ટિ કરવી, આત્માનું જ્ઞાન કરવું અને આવા આત્મામાં રમણતા કરવી. આ ૧૨ અંગનો સાર છે.

सर्व विसुद्धि द्वार यह, कह्यो प्रगट सिवपंथ।
कुंदकुंद मुनिराज कृत, पूरन भयौ गरंथ॥१२९॥

આપણે ઘણા વખતથી સમયસાર ચાલે છે. અત્યારે ૧૬મી વાર ચાલે છે. હજુ સ્યાદ્વાદ અધિકાર બાકી છે. અહીં સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર પૂરો થયો. આત્માનું સ્વરૂપ સમજે, અનુભવે તેને મોક્ષદશા—પૂર્ણદશા થઈ જાય છે—પૂર્ણપદની પ્રાપ્તિ થાય છે.

હવે બનારસીદાસજી ગ્રંથકર્તાનું નામ અને મહિમા કરશે. *(ક્રમશઃ)*❑



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

* શ્રોતા :—તીક્ષ્ણ ઉપયોગ એટલે શું?

પૂજ્ય બહેનશ્રી :—તીક્ષ્ણ એટલે તીખો ઉપયોગ. સ્થૂલ ઉપયોગથી ચૈતન્ય ગ્રહણ થતો નથી પણ તીક્ષ્ણ ઉપયોગથી આ ચૈતન્ય તે જ હું છું, જ્ઞાયક તે જ હું છું એમ પકડાય છે. બધા વિકલ્પ આવે પણ તેની વચ્ચે જાણનારો તે જ હું છું એમ તીક્ષ્ણ ઉપયોગ કરીને ચૈતન્યની પ્રતીતિ કરે, તેનો આશ્રય કરે, તેમાં દ્રઢતા કરે તો તે પકડાય. ઉપયોગ તીક્ષ્ણ અને સૂક્ષ્મ કરીને પોતાનો સ્વભાવ ગ્રહણ કરવાનો છે.

* શ્રોતા :—યથાર્થ રુચિનું શું લક્ષણ છે તે સમજાવવા કૃપા કરશોજી.

પૂજ્ય બહેનશ્રી :—યથાર્થ રુચિ, તીખી રુચિ, ઉગ્ર રુચિ હોય તો વારંવાર પોતા તરફ પુરુષાર્થ ઊપડે છે. યથાર્થ રુચિ છે કે નહિ તે પોતાને વિચારવાનું છે. રુચિ મંદ થઈ જાય છે, તેમાં ઉગ્રતા થતી નથી એટલે ઉપયોગ બહાર ટકી રહે છે, પુરુષાર્થ બહારમાં જાય છે, અંતરમાં જતો નથી.

* શ્રોતા :—જ્ઞાયક છું, જ્ઞાયક છું એમ વિચાર કરતાં રસ જામતો નથી અને એકાગ્રતા થતી નથી. તો શું કરવું?

પૂજ્ય બહેનશ્રી :—એક ને એક વિકલ્પથી રસ ન જામે એટલે બધું વિકલ્પાત્મક થઈ જાય છે. અંદર એવી જાતની લગની હોવી જોઈએ કે હું ચૈતન્ય છું, હૃદયમાં તેને એવી વિરક્તિ થઈ જાય કે આ વિભાવભાવ તે હું નથી, તો વિભાવનો રસ તૂટી જાય અને ચૈતન્યનો રસ લાગી જાય. વારંવાર વિકલ્પ કરે તે ગોખવા જેવું થઈ જાય, પણ અંદર રસપૂર્વક હું ચૈતન્ય છું એવી પોતાની મહિમા અને રસ લાગવો જોઈએ. રસ એવો લાગવો જોઈએ કે પછી ત્યાંથી છૂટવું મુશ્કેલ પડે.

* શ્રોતા :—આપે તો નાની ઉંમરમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી લીધું અને અમને ગુરુનો આટલો ઉપદેશ સાંભળવા છતાં હજી અંદરમાં કાંઈ કાર્ય થતું નથી. તો શું રુચિમાં ખામી છે?

પૂજ્ય બહેનશ્રી :—પુરુષાર્થ કરવો તે પોતાના હાથમાં છે. ચૈતન્યનું રટણ

વારંવાર કર્યા કરવું, થાકવું નહિ અને તેમાં ને તેમાં ઊભો રહે તો અંદરમાં પ્રવેશ થવાનો અવકાશ છે. સમ્યગ્દર્શન ન થાય ત્યાં સુધી થાકવું નહિ. વારંવાર તેની ભાવના-રુચિ, શ્રુતનું ચિંતવન, તત્ત્વના વિચાર, વિભાવથી વિરક્તિ, ચૈતન્યની મહિમા ને દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા આવ્યા કરે. કાર્ય ન થાય ત્યાં સુધી ચૈતન્યને ધ્યેયમાં રાખીને તેમાં ને તેમાં રહે અને તેનું ઘૂંટણ કર્યા કરે, પણ થાકે નહિ. લાંબો ટાઈમ થઈ ગયો અને અંદરમાં કાંઈ થતું નથી માટે તેનો રસ ઊડી જાય તેમ ન કરવું. વારંવાર તેની જ ભાવના કર્યા કરવી, તેની સમીપ જ રહ્યા કરવું.

* શ્રોતા :—પોતાના શુદ્ધ સ્વરૂપનું વિકલ્પાત્મક યથાર્થ જ્ઞાન થાય તેનાથી ચૈતન્યનો મહિમા વિશેષ આવે?

પૂજ્ય બહેનશ્રી :—વિકલ્પાત્મક જ્ઞાન વધારે થાય એટલે શુદ્ધ સ્વરૂપની મહિમા વધારે આવે એમ નથી. તેને દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન વધારે થાય એટલે વધારે મહિમા આવે તેમ નહિ. મહિમા તે સ્વયં જુદી પરિણતિ છે ને જ્ઞાન તે જુદું છે. મહિમામાં જ્ઞાન બાહ્ય સાધન બને છે, પણ તેથી ઝાઝું જ્ઞાન હોય તો જ મહિમા આવે તેમ હોતું નથી. કેટલાકને જ્ઞાન થોડું હોય અને અંદર મહિમા તથા પરિણતિમાં ચૈતન્ય તરફનું વલણ એકદમ વધારે થઈ જાય. મહિમાથી પલટો થઈ જાય છે. ભલે જ્ઞાન થોડું હોય, પણ પોતાના અસ્તિત્વને ગ્રહણ કરે. સાથે એટલું હોય કે હું પરથી જુદો છું તો તેને અંદર મહિમા આવીને ને વિભાવની મહિમા છૂટીને અંદરથી વિરક્તિ આવી જાય. જ્ઞાન અમુક હોય તો પણ પલટો ખાય છે. જ્ઞાન મહિમા લાવવામાં સાધન બને છે; પણ જ્ઞાન વધારે હોય તો જ મહિમા આવે તેમ નથી.

## વૈરાગ્ય સમાચાર :–

ઉમરાળાનિવાસી શ્રી રસિકલાલ રતિલાલ કીકાણી (વર્ષ-૬૮) તા. ૨૬-૮-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

ધ્રાંગધ્રાનિવાસી (હાલ—સોલાપુર) શ્રી મહેન્દ્રભાઈ લક્ષ્મીચંદ શાહ તા. ૭-૯-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમને તત્ત્વની ઊંડી રુચિ હતી. તેઓ સોલાપુરમાં વાંચન કરતા હતા. વારંવાર સોનગઢ, દેવલાલી આદિ શિબિરોમાં લાભ લેતા હતા. તત્ત્વના પ્રચાર-પ્રસારમાં તેઓ તન-મન-ધનથી લાભ લેતા હતા.

બોટાદનિવાસી સ્વ. શ્રી ચંપકલાલ શિવલાલ ગોપાણીના પુત્ર પ્રવિણભાઈ (વર્ષ-૬૫) તા. ૧૦-૯-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

શ્રી પુષ્પદંત-કવિકૃત

# યશોધર ચરિત્ર

(ગતાંકથી ચાલુ)

## ગોપવતીનું ચરિત્ર

કોઈ એક ગામમાં મહાવ્યભિચારિણી ગોપવતી નામની કુલટા સ્ત્રી પોતાના પતિ સાથે રહેતી હતી. એક વખત તેના પતિએ તેણીના કુચારિત્રથી વ્યાકુળ થઈને અન્ય સ્ત્રી સાથે લગ્ન કરી લીધા. આ સમાચાર મળતાં તે દુષ્ટા ખૂબ જ ક્રોધિત થઈ. એક દિવસ નવવિવાહિતા સ્ત્રી સહિત તેનો પતિ સૂતો હતો તે જોઈ વિષધારિણી સર્પિણીની જેમ ફુંકાર કરતી તીક્ષ્ણ તલવારથી પોતાની 'શોક'નું માથું કાપી કોઈ ગુપ્ત જગ્યા પર રાખી દીધું.

જ્યારે તેનો પતિ તે સ્ત્રીના અગ્નિસંસ્કારથી નિશ્ચિંત થઈને ભોજન માટે ગોપવતીના ઘરમાં ગયો અને ત્યાં મૃત્યુ પામેલી સ્ત્રીનાં શોકમાં ઉદાસમુખ ભોજનમાં અરુચિ કરવા લાગ્યો ત્યારે પતિની આ દશા જોઈ ગોપવતીએ 'શોક'નું મસ્તક લાવીને પતિના ભોજનની થાળીમાં મૂક્યું અને કહેવા લાગી કે હવે આને ખા. આવું જોઈને ડરીને પતિ ભાગવા લાગ્યો પણ એ કુલ્ટાએ તેને ભાગવા ન દીધો અને તેને પણ પકડી છરીથી ગળું કાપીને પછી નિશ્ચિંત થઈ, મનમાન્યો વ્યભિચાર કરવા લાગી ઈત્યાદિ.

## વીરવતીનું ચરિત્ર

સુદત્ત નામના એક પુરુષે વીરવતી સ્ત્રી સાથે લગ્ન કર્યાના થોડા દિવસ પછી તેને લેવા સસુરાલ ગયો. વીરવતી અંગારક નામના ચોરમાં આસક્ત હતી પરંતુ સુદત્તના આવવાથી અંગારક પાસે જવાનો સમય વીરવતીને મળતો ન હતો. તેથી રાત–દિવસ તડપતી રહેતી હતી. એક દિવસ કોઈ કારણે સ્મશાનમાં અંગારકને શૂળીની સજા કરવામાં આવી, તેના સમાચાર જોકે વીરવતીને મળી ગયા હોવા છતાં દિવસના ન જઈ શકવાથી રાત્રિ થતાં જ્યારે તેનો પતિ 'ઘોડા વેંચીને' સૂઈ ગયો ત્યારે અડધી રાતે પોતાના પ્રેમીને મળવા પહોંચી. શૂળીની નીચે મૃત પુરુષોનો ઢગલો કરીને તેની ઉપર ઊભી રહીને ચોરનું આલિંગન કર્યું. પછી જ્યારે અંગારકે વીરવતીના હોઠ ઉપર ચુંબન કર્યું તે જ સમયે અંગારકનું મૃત્યુ થવાથી તેનું મોઢું બંધ થઈ ગયું.

આ બાજુ મડદાઓનો જે ઢગલો કર્યો હતો તે ખસકી જવાથી વીરવતીનો હોઠ કપાઈને અંગારકના મુખમાં રહી ગયો. પછી વીરવતી જે પ્રકારે ગુપ્તરીતિથી આવી હતી તે જ પ્રકારે મોઢું છુપાડીને પોતાના ઘરમાં જઈને પોતાના પતિની નજીક સૂઈ ગઈ.

ત્યારબાદ એ દુષ્ટા વ્યભિચારિણીએ યુક્તિપૂર્વક બુમો પાડવાનું શરૂ કર્યું કે હાય હાય! મારા પતિએ મારો હોઠ કાપી લીધો. તેનો અવાજ સાંભળી પરિવારના બધા લોકો ભેગા થઈ ગયા. જ્યારે સવાર થઈ ત્યારે રાજદરબારમાં જઈને રાજાને બધી વાત કરી. રાજાએ તરત જ સુદત્તને આરોપી જાણી શૂળી પર ચડાવવાનો આદેશ આપ્યો.

જ્યારે રાજ કર્મચારી સુદત્તને લઈને ચાલવા લાગ્યા ત્યારે એક વીરભટ નામના પથિકે કે જે વીરવતીના દુશ્ચારિત્રનો પૂરી રીતે જાણકાર હતો તેણે રાજાને સમસ્ત રહસ્ય કહી દીધું. કહ્યું કે શ્રી મહારાજ! જો મારી વાત સત્ય ન લાગતી હોય તો મૃતક અંગારકનું મુખ જોવામાં આવે તેમાં વીરવતીનો કપાયેલો હોઠનો ટુકડો અવશ્ય હશે. આ સાંભળીને જ્યારે મહારાજની આજ્ઞાનુસાર મૃતક અંગારકનું મુખ જોવામાં આવ્યું તો તેમાંથી હોઠનો ટૂકડો નીકળ્યો.

રાજાએ વીરવતીનું ચારિત્ર જાણી સુદત્તને મુક્ત કર્યો અને વીરવતીને શૂળીની સજા જાહેર કરી. એ સમયે બધા લોકોએ કુલ્ટા વીરવતીનું સાહસ જોઈને અત્યંત આશ્ચર્યથી કહ્યું કે જુઓ! આ પાપિણીએ પોતાનું દુષ્કર્મ છુપાવવા માટે નિરપરાધ બિચારા સુદત્તને અપરાધી જાહેર કર્યો.

## રક્તારાણીની કથા

અયોધ્યા નગરીનો અધિપતિ દેવરતિ નામક રાજા હતો. તે રક્તા નામની રાણીમાં એવો આસક્ત હતો કે સમસ્ત રાજ્યકાર્ય છોડીને અન્ત:પુરમાં નિવાસ કરવા લાગ્યો હતો. એક દિવસ રાજ્યમંત્રીએ આવીને કહ્યું કે હે રાજન્! આ રીતે આપના ભોગાસક્ત થઈ રણવાસમાં જ રહેવાથી સમસ્ત પ્રજા અન્યાયમાં પ્રવર્તવા લાગી છે. તેથી અગર તો આપ પ્રજાને ન્યાય કરો અથવા ગૃહવાસ છોડી વનવાસ કરો, ત્યાં તમારા માટે સમસ્ત ભોગ-સામગ્રી એકત્રિત કરી આપવામાં આવશે, કેમ કે અહીં રહેવાથી બધા લોકોના હૃદયમાં અનેક પ્રકારની કુશંકાઓ ઉત્પન્ન થાય છે અને લોકો અનેક પ્રકારના ગપ્પ મારતાં થકા અન્યાય માર્ગમાં ઉદ્યત થઈ રહ્યા છે.

આ પ્રકારે મંત્રીના વચન સાંભળીને રક્તારાણીમાં આસક્ત રાજા વનમાં જવા માટે ઉદ્યત થઈ ગયો. નદી કિનારે કે જ્યાં મહારાજનો મોટો બગીચો હતો ત્યાં જ સમસ્ત સામગ્રી એકત્રિત કરી નિવાસ કરવા લાગ્યો.

રાજાના તે વનમાં એક પંગુ માળી રહેતો હતો કે જે મીઠા અવાજમાં સારું ગીત ગાતો હતો. એકવાર એ પંગુ માળીનું ગીત સાંભળી રક્તારાણી તેના પ્રતિ આસક્તચિત્ત થઈને તેને એકાંતમાં બોલાવી કહેવા લાગી—'હું તારા ઉપર ખૂબ જ પ્રસન્ન છું. તું મારી સાથે ભોગ ભોગવ અને ઉત્તમ પ્રકારના ભોજન નિત્ય જ કર્યા કર.'

આ સાંભળી પંગુએ કહ્યું :–'સ્વામિની! આપની આજ્ઞા શિરોધારણ કરું છું; પરંતુ

મહારાજના રહેતાં આ કામ હું કરી શકતો નથી કેમ કે એમાં પ્રાણનો સંશય છે. કદાચિત્ રાજાએ આ દુષ્કર્મ જોઈ લીધું તો આપણે બન્ને મરાઈ જઈશું.'

આ પ્રકારે સાંભળી રાણીએ કહ્યું :—'તું આ વાતથી જરા પણ ભય નહીં કર કેમ કે મેં મહારાજને મારવાનો ઉપાય પહેલેથી જ શોધી રાખ્યો છે. હવે તું એક કામ કર કે ફૂલોની માળા તંતુમાં પરોવીને બનાવ અને તારી પાસે રાખ. જ્યારે હું મંગાવું ત્યારે લઈને આવજે.' એમ કહીને પંગુને રવાના કર્યો અને પોતે ઉદાસ મોઢું બનાવીને રાજાની નજીક જઈને રુદન કરવા લાગી; ત્યારે રાજાએ મધુર વાક્યોમાં પૂછ્યું :

પ્રિયે પ્રાણેશ્વરી! આજે રુદન કરવાનું તારું કારણ શું છે? આ સાંભળી રાણીએ ગદ્ગદ્ અવાજમાં કહ્યું :—'પ્રાણેશ! આજે આપનો જન્મદિવસ છે. જ્યારે નગરીમાં રહેતાં હતા ત્યારે કેવો ઉત્સવ થતો હતો? જો આજે નગરીમાં હોત તો શું તેવો જ ઉત્સવ આજે ન હોત? પરંતુ ઉત્સવ તો દૂર રહ્યો આપ તો અહીં નગરીથી અતિ દૂર નદી કિનારે નિર્જન સ્થાનમાં વાસ કરો છો.'

આવું સ્નેહપૂર્ણ વચન સાંભળી રાજાએ કહ્યું :—'પ્રાણેશ્વરી! જો તારી એવી જ ઇચ્છા છે તો અહીં પણ બધું જ થઈ શકે છે કેમ કે પ્રિય વસ્તુનો સમાગમ થતાં નિર્જન વન પણ સ્વર્ગતુલ્ય લાગે છે; તારી જે કરવાની ઇચ્છા હોય તે કર.

આ સાંભળી રાણીએ ઉત્તમ પ્રકારનો આહાર તૈયાર કરી રાજાની સાથે ભોજન કર્યું. પછી નદી કિનારે બેસીને તાંતથી બનાવેલો ફૂલોનો હાર પંગુ માળી પાસે મગાવીને હાસ્ય-પૂર્વક રાજાના ગળામાં નાખી તત્કાલ ફાંસીના ફંદાથી જટકો આપીને રાજાને નદીમાં ફેંકી દીધા.

હે રાજન્! રક્તારાણી રાજાને નદીમાં ફેંકી પોતે નિર્ભય બની પેલા પંગુ માળી સાથે સ્વેચ્છાપૂર્વક રમણ કરવા લાગી. પછી પોતાના પ્રાણ–વલ્લભ પાંગુલને ખભા ઉપર બેસાડી ઘૂમવા લાગી. પાંગુલ પોતાની ગીત–વિદ્યાથી લોકોને ખુશ કરી પૈસા કમાતો હતો.

પુણ્યનો ઉદય જ્યારે થાય છે ત્યારે મનુષ્ય ભયાનક દુઃખમાંથી પણ બચી જાય છે. રાજા દેવરતિનો પણ એવો જ કોઈ પુણ્ય-ઉદય થયો કે જેથી નદીમાંથી બચી ગયો. નદીમાંથી નીકળીને મંગળપુર શહેર પાસે પહોંચ્યો. કેટલાક દિવસથી ચાલતાં રહેવાથી તે થાકી ગયો હતો તેથી પોતાની થકાવટ દૂર કરવા એક છાંયાદાર વૃક્ષ નીચે સૂઈ ગયો, માનો કે જાણે કે જૈનધર્મની છત્રછાયામાં નિંદ લઈ રહ્યો છે.

મંગલપુરના રાજા શ્રીવર્ધન નિઃસંતાન હતો તેનું તે વખતે મૃત્યુ થઈ ગયું. તેથી મંત્રીઓએ વિચાર કર્યો અને એક હાથીને જળભરેલો કળશ આપીને છોડ્યો. તે હાથી જેના ઉપર અભિષેક કરે તે રાજા બને.

દેવરતિ ઝાડ નીચે સૂતો હતો તે વખતે હાથીએ આવીને તેનો અભિષેક કર્યો અને મોટી

ધામધૂમથી શહેરમાં લાવ્યા અને રાજ્યસિંહાસન ઉપર બેસાડ્યા. પુણ્યનો ઉદય થવાથી આપત્તિ પણ સુખરૂપે થઈ જાય છે. તેથી સુખની ઈચ્છા કરવાવાળાએ સદા ધર્મ ઉપર ભરોસો કરી પૂજાદાન આદિ શુભકાર્ય કરવું જોઈએ. કર્મની લીલા અપરંપાર છે. કર્મ રાજાને રંક અને ભિખારીને રાજા બનાવી દે છે. દેવરતિનો સમય જ્યારે પ્રતિકુળ હતો ત્યારે રસ્તાનો ભિખારી બનાવી દીધો ને પુણ્યોદય થતાં તેને રાજગાદી ઉપર બેસાડી દીધો.

દેવરતિ ફરીને રાજા થઈ ગયો. તેની હાલત હવે પહેલાં જેવી રહી નથી. તે સ્વયં રાજકાજ સંભાળવા લાગ્યો. જે બુરાઈઓથી રાજ્યથી ભ્રષ્ટ થવું પડ્યું હતું તેને હવે તેની પાસે ફરકવા નથી દેતો. સ્ત્રી નામથી તેને ઘૃણા થાય છે. એક કુલકલંકીના કારણે સ્ત્રીઓને કુલકલંકીની કહેવા લાગ્યો. એમાં એનો દોષ પણ શું હતો? દૂધથી દાઝેલો મનુષ્ય છાશને પણ ફૂંકી ફૂંકીને પીવે છે. એ દાન આપતો હતો પણ એક લુલા લંગડાને એક દાણો દેવામાં પણ પાપ સમજતો હતો.

અહીં રક્તારાણીએ કેટલાય દિવસ રહીને તે અપંગની સાથે મજા કરી. પછી અપંગને એક ટોપલામાં નાખીને દેશ વિદેશ ફરવા લાગી. તે જ્યાં જતી ત્યાં પોતાને એક મહાસતી જાહેર કરતી કે માતા-પિતાએ જેના હાથે મને સોંપી તે જ પ્રાણનાથ છે. આ ઠગાઈમાં લોકો ઘણા જ પૈસા આપતા હતા. એ પ્રકારે ભીક્ષાવૃતિ કરતી કરતી તે મંગળપુર પહોંચી. ત્યાં પણ તેના સતીત્વ ઉપર લોકોને ખૂબ શ્રદ્ધા થઈ; સાચું છે જે સ્ત્રીઓએ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ જેવા દેવતાઓને પણ ઠગી લીધા છે તેની જાળમાં સામાન્ય લોકો ઠગાઈ જાય તેમાં શું આશ્ચર્ય?

એક દિવસ એ બંને જણા ગાતાં ગાતાં રાજમહેલ સામે આવ્યા, દ્વારપાળે રાજાને પ્રાર્થના કરી કે મહારાજ! એક સ્ત્રી પોતાના અપંગ પતિને ટોપલામાં લઈને ઊભી છે અને તે બંને ખૂબ જ સારા ગાયન ગાય છે અને મહારાજના દર્શન કરવા ઈચ્છે છે. આજ્ઞા હોય તો તેને અંદર આવવા દઈએ. સભાસદોએ પણ તે બંનેને જોવાની ઈચ્છા જાહેર કરી.

રાજાએ એક પરદો આડો નખાવીને તે બંનેને આવવાની આજ્ઞા આપી. સતી માથા ઉપર ટોપલો લઈને અંદર આવી ને તેણે ગાયન ગાયા તેથી સૌ મુગ્ધ થઈ ગયા. રાજાએ અવાજ સાંભળીને તે સતીને ઓળખી લીધી. પડદો દૂર કરીને કહ્યું—અહા આ તો મહાસતી છે, તેનું અતીત હું સારી રીતે જાણું છું. તે પછી રાજાએ પોતાની હકીકત (રામકહાણી) સભાને જણાવી. લોકો એ હકીકત સાંભળીને ઘણા જ આશ્ચર્યચકિત થઈ ગયા અને રક્તાને શહેરથી બહાર કાઢી મૂકવામાં આવી. સ્ત્રીઓનું ચરિત્ર દેખી રાજા દેવરતિને વૈરાગ્ય થઈ ગયો. તેણે પોતાના પુત્ર જયસેનને અયોધ્યાથી બોલાવી આ રાજ્યનો ભાર પણ તેને સોંપી દીધો અને પોતે યમધર આચાર્યની પાસે દીક્ષા લઈ તપશ્ચર્યા કરવા લાગ્યા. અંતમાં સમાધિએ શરીર છોડીને સ્વર્ગમાં ઋદ્ધિધારી દેવ થયા.

**આ પ્રમાણે સ્ત્રીઓનું ચરિત્ર ખૂબ જ અગાધ છે.** *(ક્રમશઃ)* ❑

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૮-૦૦ થી - | : શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ | : ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી સમયસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૧૫ થી ૪-૧૫ | : શ્રી બહેનશ્રીના વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૩૦ થી ૫-૦૦ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

આ વર્ષે પર્યુષણમહાપર્વ જ્ઞાનવૈરાગ્યભીની તત્ત્વોપાસના, મુનીન્દ્રમહિમા, પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની ઉપકારમહિમાની દૃષ્ટિથી પ્રભાવનાપૂર્ણ રહ્યું. પર્યુષણપર્વની આરાધના માટે બહારગામથી અનેક મુમુક્ષુ મહેમાનો પધાર્યા હતા. વિધાનપૂજાના સમયે તથા પ્રવચનના સમયે વિશાળ પરમાગમમંદિર ભરાઈ જતું હતું. ક્ષમાવણીપર્વના દિવસે, આ સાધનાતીર્થની પવિત્ર યાત્રા તથા પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી પ્રતિ ક્ષમાવણીસ્તુતિપૂર્વક ક્ષમાયાચના માટે રાજકોટ તથા અન્ય ગામોથી બધા મળીને ૫૦૦ થી વધુ મુમુક્ષુ મહાનુભાવ આવ્યા હતા.

**❀ 'સમયસાર ગુજરાતી અનુવાદ'ની પૂર્ણાહુતિનો વાર્ષિક દિવસ : વિજયાદશમી ❀**

શ્રી સમયસાર પરમાગમના પંડિત શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ દ્વારા કરાયેલ અનુવાદની પૂર્ણાહુતિનો વાર્ષિક દિવસ આસો સુદ ૧૦ (દશેરા) તા. ૨૪-૧૦-૨૦૧૨ બુધવારના રોજ સમયસારની વિશેષ ભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

❀ **મહાવીરનિર્વાણ-પંચાહ્નિક-મહોત્સવ :** પ્રતિવર્ષાનુસાર 'શ્રી મહાવીર નિર્વાણ-કલ્યાણક'—દીપાવલીનો મંગલ અવસર આસો વદ દશમ, શુક્રવાર તા. ૯-૧૧-૧૨ થી આસો વદ ૩૦, મંગળવાર તા. ૧૩-૧૧-૧૨, પાંચ દિવસ સુધી 'શ્રી જિનેન્દ્ર પંચકલ્યાણકમંડલ વિધાનપૂજા', મહાવીર જિનેન્દ્રભક્તિ તથા અધ્યાત્મજ્ઞાનોપાસના આદિ વિવિધ કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

❀ કારતક સુદ એકમ–નૂતન વર્ષારંભનો 'સુપ્રભાતદિન' તા. ૧૪-૧૧-૧૨, બુધવારના દિવસે સુપ્રભાતસ્તોત્ર, પૂજાભક્તિ તથા ગુરુદેવશ્રીના સુપ્રભાત-પ્રવચન આદિ વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

❀ **કાર્તિકી-નંદીશ્વર-અષ્ટાહ્નિકા :** કારતક સુદ ૮, મંગળવાર, તા. ૨૦-૧૧-૨૦૧૨ થી કારતક સુદ ૧૫, બુધવાર, તા. ૨૮-૧૧-૨૦૧૨—આઠ દિવસ સુધી 'પંચમેરુ-નંદીશ્વર પૂજનવિધાન' તથા અધ્યાત્મતત્ત્વજ્ઞાનોપાસનાપૂર્વક આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે.

સ્વાનુભૂતિતીર્થપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની સાધનાભૂમિ સોનગઢમાં

ઘાટકોપર(મુંબઈ)નિવાસી શ્રીમતી અરૂણાબેન સુરેશભાઈ તુરખીયા (શાહ)
પરિવાર દ્વારા આનંદોલ્લાસ સહ આયોજિત

# શ્રી જૈન સ્વાધ્યાયમંદિરનો મહામાંગલિક
# હીરક જયંતી મહોત્સવ

**તા. ૧૫-૧૧-૨૦૧૨, ગુરુવાર થી તા. ૧૭-૧૧-૨૦૧૨, શનિવાર**

પરમ ઉપકારી આત્મજ્ઞ સંત પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની સાધના, પ્રવચનો અને નિવાસ માટે ભક્તો દ્વારા નિર્માપિત પ્રથમ આયતન શ્રી જૈન સ્વાધ્યાયમંદિરને ૭૫ વર્ષ પૂરા થયા છે. આ સ્વાધ્યાયમંદિરનો મહા માંગલિક હીરક જયંતી મહોત્સવ સુવર્ણપુરીમાં તા.૧૫-૧૧-૨૦૧૨ ગુરુવાર થી તા. ૧૭-૧૧-૨૦૧૨, શનિવાર સુધી ત્રિદિવસીય મહોત્સવરૂપે શ્રીમતી અરૂણાબેન સુરેશભાઈ તુરખીયા (શાહ) પરિવાર, ઘાટકોપર-મુંબઈના સૌજન્યથી અતિ ઉલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે.

આ મંગલ મહોત્સવ સુવર્ણપુરીમાં શ્રી સુવર્ણપુરી તીર્થ પૂજન વિધાન, પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની વિડિયો ધર્મચર્ચા, પરમાગમ શ્રી સમયસારના મંગલ વધામણા, ધાર્મિક શિક્ષણવર્ગ, વિવિધ ભક્તિ તથા રોચક સાંસ્કૃતિક કાર્યક્રમ સહ અતિ ઉલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે. તો નિજાત્મકલ્યાણના હેતુભૂત સુવર્ણપુરીમાં યોજાનારા આ અભૂતપૂર્વ ઉત્સવનો લાભ લેવા સર્વે મુમુક્ષુઓને અમારું ભાવભીનું નિમંત્રણ છે.

(નિમંત્રણ પત્રિકાની લેખનવિધિ તા. ૨૧-૧૦-૨૦૧૨, રવિવારના રોજ સોનગઢમાં રાખેલ છે.)

નિમંત્રક
શ્રીમતી અરૂણાબેન સુરેશભાઈ તુરખીયા (શાહ)
રૂપાલી પરાગ સુરેશભાઈ તુરખીયા
તેજલ અમીષ સુરેશભાઈ તુરખીયા
ઘાટકોપર(મુંબઈ)ના જય જિનેન્દ્ર

આત્મધર્મ
ઓક્ટોબર-૨૦૧૨
અંક-૨ ✱ વર્ષ-૭

**Registered Regn. No. BVR-367/2012-2014**
**Renewed upto 31-12-2014**
**RNI Registration No. GUJGUJ/2006/18667**
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## તારા અપાર વૈભવને લક્ષમાં લે

**અરે, સંસારમાં લક્ષ્મી માટે જીવો કેટલા દગા–પ્રપંચ ને રાગ-દ્વેષ કરે છે! તેમાં જીવન ગુમાવે છે ને પાપ બાંધે છે. ભાઈ! તારા સ્વઘરની ચૈતન્યલક્ષ્મી મહાન છે, તેની સંભાળ કરને! તેમાં ક્યાંય દગા–પ્રપંચ નથી, રાગ-દ્વેષ નથી, કોઈની જરૂર નથી, છતાં તે મહા આનંદરૂપ છે. બહારની લક્ષ્મી મળે તોપણ તેમાં સુખ મળતું નથી; આ ચૈતન્યલક્ષ્મી પોતે મહા આનંદરૂપ છે ને સ્વયં પ્રકાશમાન છે. આવો અપાર વૈભવ તારામાં ભર્યો છે તેને તો લક્ષમાં લે. તેમાં ક્યાંય એક વિકલ્પનોય બોજો નથી.**

**–પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી**

**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

**www.kanjiswami.org**
**email : contact@kanjiswami.org**